# એજિયન અક્ષર

## અંક - ૪

**વર્ષ - ૨૦૧૪-'૧૫**




ડૉ. સી.પી.પટેલ
પ્રિન્સીપાલ

સંપાદકો :
ડૉ. કે. એચ. યાદવ
એસો.પ્રોફેસર
ડૉ. આર. એમ. પટેલ
આસિ.પ્રોફેસર


A.G.Teachers College
College of Teacher Education - CTE
Run By Ahmedabad Education Society
(Accredited with "A" by NAAC)
M. N. Desai road, Navrangpura, Ahmedabad-09
Phone No. : 079-26442451
Email :agteachers1952@gmail.com
Website : www.agteacherscollege.ac.in

## કોલેજ શૈક્ષણિક સ્ટાફ



ડો. સી.પી. પટેલ
પ્રિન્સિપાલ

કોલેજમાં જોડાયા તારીખ
૦૧-૦૬-૨૦૦૨
સરનામું :
બી/૬, પુરોહિત પાર્ક, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર,
ફોન : ૦૨૬૯૨-૨૩૧૮૯૦
મો. ૯૪૨૮૪૯૧૫૧૭



ડો. આર. એમ. પટેલ
આસિ. પ્રોફેસર

કોલેજમાં જોડાયા તારીખ
૦૧-૦૮-૨૦૦૩
સરનામું :
ઈ-૩૦૪, નીલકંઠ પાર્ક, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન : ૦૭૯-૨૭૯૧૨૭૮૯
મો. ૯૪૨૮૧૨૧૨૯૧



ડો. જે. આર. દવે
એસો. પ્રોફેસર

કોલેજમાં જોડાયા તારીખ
૨૭-૦૮-૧૯૯૦
સરનામું :
૨૩, હિન્દુ કોલોની, નવરંગપુરા, અમદાવાદ-૦૯
ફોન : ૦૭૯-૨૬૪૬૮૮૧૧



ડો. જી. એસ. પટેલ
અધ્યાપક સહાયક

કોલેજમાં જોડાયા તારીખ
૦૨-૦૪-૨૦૧૨
સરનામું :
બ્લોક-૭૭/૫, "ચ" ટાઈપ, સેક્ટર-૨૮, ગાંધીનગર
મો. ૮૨૩૮૦૩૮૬૯૬



ડો. કે. એચ. યાદવ
એસો. પ્રોફેસર

કોલેજમાં જોડાયા તારીખ
૩૦-૦૮-૧૯૯૭
સરનામું :
૮, મહાવીરનગર સોસાયટી, વસ્ત્રાપુર, અમદાવાદ-૦૯
મો. ૯૩૭૭૩૩૩૩૦૨



ડો. એસ.એલ. સોલંકી
એસો. પ્રોફેસર

કોલેજમાં જોડાયા તારીખ
૧૧-૦૯-૧૯૯૭
સરનામું :
બી/૧૫, ડુપ્લેક્ષ શુકન બંગ્લોઝ, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧
મો. ૯૯૨૪૦૫૦૫૯૧

## કોલેજ વહીવટી સ્ટાફ



શ્રીમતી જી.આર. પરીખ
સિનિયર ક્લાર્ક

કોલેજમાં જોડાયા તારીખ
૨૩-૦૩-૧૯૯૬
સરનામું :
૧૩, ન્યુ પરમેશ્વર પાર્ક સોસાયટી, અસારવા, અમદાવાદ-૧૬
ફોન : ૦૭૯-૨૨૬૮૪૭૪૪
મો. ૯૪૨૬૪૩૩૨૮૩

## અન્ય મદદનીશ સ્ટાફ



શ્રીમતી સી.એચ. પટેલ
પટાવાળા

કોલેજમાં જોડાયા તારીખ
૦૭-૦૨-૧૯૯૨
સરનામું :
ઠાકોર વાસ, સ્ટેટ બેંકની પાસે, મેમનગર, અમદાવાદ-૫૨
મો. ૯૯૯૮૬૭૪૭૦૬ (પી.પી.)

# એજિયન અક્ષર

## અંક - ૪

## વર્ષ - ૨૦૧૪-૧૫

**ડો. સી. પી. પટેલ**
પ્રિન્સીપાલ

**સંપાદકો :**
**ડો. કે. એચ. યાદવ**
એસો. પ્રોફેસર
**ડો. આર. એમ. પટેલ**
આસિ. પ્રોફેસર

**એ. જી. ટીચર્સ કોલેજ**
**એમ.એન. દેસાઈ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૦૯**
**ફોન : ૦૭૯-૨૬૪૪૨૪૫૧**
E-mail : agteachers1952@gmail.com
Website : www.agteacherscollege.ac.in

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧ | સંપાદકીય | | ૧ |
| ૨ | PRESERVICE PROGRAME | | ૨ |
| ૩ | STUDENT UNION & DHARA: 2014-15 | | ૪ |
| ૪ | વિતેલા વર્ષોની યાદ | | ૫ |
| ૫ | કોલેજમાં પ્રથમ આવનાર ભાઈ-બહેનો વર્ષ ૨૦૧૩-૧૪ | | ૭ |
| ૬ | તાલીમાર્થીઓ વર્ષ ૨૦૧૪-૧૫ | | ૭ |
| ૭ | શ્રદ્ધાંજલિ (શ્રેણિકભાઈ) | | ૧૯ |
| ૮ | સ્મરણાંજલિ (બીસનગરી) | | ૧૯ |
| ૯. | શ્રદ્ધાંજલિ (ડૉ. ગીતાબહેન) | | ૨૦ |
| ૧૦ | શ્રેષ્ઠ વિદ્યાલય | ડૉ. મોતીભાઈ પટેલ | ૨૧ |
| ૧૧. | સજા : મનથી કે શરીરથી ? સજા : મનને કે શરીરને ? | ભદ્રાયુ વછરાજાની | ૨૪ |
| ૧૨. | પ્રાચીન ભારતીય શિક્ષણ દર્શનમાં ઉપનિષદોમાં શિક્ષણ | ડૉ. આશા પંડિત | ૨૬ |
| ૧૩. | NROERનો પ્રાથમિક પરિચય | ડૉ. નવનીત રાઠોડ | ૨૮ |
| ૧૪. | જીવંત શિક્ષકોની શોધ | Dr. Vijay Patel | ૨૯ |
| ૧૫. | ગુણવત્તા શિક્ષણના પંથે એ. જી. ટીચર્સ કૉલેજ, CTE | ડૉ. કે. એચ. યાદવ | ૩૧ |
| ૧૬ | FACTORS AFFECTING SPOKEN ENGLISH IN GUJARAT | DR. S.L SOLANKI | ૩૨ |
| ૧૭. | WHY TO STUDY COMMERCE? | IRFANALI G. SHAIKH | ૩૩ |
| ૧૮. | FAILURE- A GREAT LIFE LESSON | JASMINE AJMERI | ૩૪ |
| ૧૯. | CHALLENGES TO HIGHER EDUCATION IN GUJARAT | BINDIYA SUKUMARAN | ૩૫ |
| ૨૧. | સરકારી શાળાઓમાં ગુણવત્તા ઘટવાનાં કારણો | બ્રિજેશ પટેલ | ૩૬ |
| ૨૨. | પરિપત્ર બોલે છે | બ્રિજેશ પટેલ | ૩૮ |
| ૨૩. | લોકો | બ્રિજેશ પટેલ | ૩૮ |



# :: સંપાદકીય ::



## સ્વજાગૃતિ

વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા વ્યક્તિના જીવનને ઉજાગર કરતાં દસ ચાવીરૂપ જીવનકૌશલ્યો નક્કી કરવામાં આવ્યા છે, જેમ કે સ્વજાગૃતિ, સમાનુભૂતિ, વિવેચનાત્મક ચિંતન, સમસ્યાઉકેલ, સર્જનાત્મક ચિંતન, નિર્ણયશક્તિ, પારસ્પરિક આંતરસંબંધ, સંવેગાનૂકુલન, તણાવ પર કાબૂ અને અસરકારક પ્રત્યાયન, 'સ્વ'ની સાચી ઓળખ એટલે સ્વ-ઓળખ, સ્વજાગૃતિ અને સ્વમૂલ્યાંકન. વ્યક્તિ પોતાની શક્તિઓને પિછાણી નથી શકતો અને તેથી જીવનનો આનંદ નથી માણી શકતો અને તેના પરિણામરૂપે ચોમેર દષ્ટિગોચર થાય છે હતાશા, ગુસ્સો, ભય, આક્રોશ અને આતંક. સ્વઓળખ કરવી મુશ્કેલ નથી પરંતુ રૂઢિગત પ્રણાલી પ્રથાઓના કારણે આપણે આમ કરવાનું શીખ્યા જ નથી. પોતાના શહેરમાં અજાણ્યા વિસ્તારમાં સરનામું શોધતા નાગરિકો તરત જ સ્માર્ટ ફોનમાં Google map ખોલે અને નિર્ધારિત સરનામે પહોંચી જાય છે. આ પ્રક્રિયા વારંવાર અનુભવાતા એક દિવસ વિચાર આવ્યો કે Google map 'સ્વ'નું સરનામું શોધી આપવા સક્ષમ હોય તો આ વિશ્વનું રંગ-રૂપ કંઈક જુદું જ હોત ! પોતીકું સરનામું એટલે 'સ્વની ઓળખ' એ વૈશ્વિક સ્તરે પ્રાણપ્રશ્ન બની ગયો છે. 'સ્વ' સુધી પહોંચવાનો કોઈ નકશો હોઈ શકે ? Googleને આપણી આ ચેલેન્જ છે. જીવનપથ પર 'સ્વ'નું Mapping થાય અને આપણે જીવનપથનો દોરીસંચાર કરવા સમર્થ બનીએ તે અત્યંત આવશ્યક છે. વ્યક્તિ ડગલે ને પગલે પોતાનું swot (strength, weakness, opportunity, threat) analysis કરે અને તેની નીપજને પ્રામાણિક રીતે સ્વીકારે તો ચોક્કસ પ્રગતિનાં શિખરો સર કરી શકે. શિક્ષણક્ષેત્ર સાથે સંકળાયેલા આપણે સૌ ચિંતકો swot analysis પ્રક્રિયાને અપનાવીએ અને આપણી પાસે ઘડાતી ભાવિ પેઢીને તે દિશા તરફ દોરીએ તો ઉમાશંકર જોષીની પંક્તિ 'હું માનવી માનવ થાઉં તો ઘણો' ચરિતાર્થ થતી લાગશે અને નિરામય વિશ્વની કલ્પના સાકાર થશે.

શિક્ષણચિંતકો સમક્ષ આ અંક મૂકતા એજિયન પરિવાર આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે. અનુભવી શિક્ષણચિંતકો પોતાના વિચારો અને શબ્દો થકી વર્તમાન પેઢી માટે પથદર્શક બની રહ્યા છે. તેમનો ખૂબ ખૂબ આભાર. એજિયન પરિવારના માનસિક શ્રમના નિચોડરૂપે તૈયાર થયેલા આ વાર્ષિક અંકને પ્રકાશિત કરવા બદલ અમને પ્રાપ્ત નાણાકીય સહાય અર્થે અમે GCERTના આભારી છીએ.

- ડૉ. કે. એચ. યાદવ

- ડૉ. આર. એમ. પટેલ

## Preservice Programe

| List of Events : Year -2014-2015 | Date |
|---|---|
| • The First Day of college | 16-6-2014 |
| • "[illegible] the Gujarati Lexicon" presenter Mrs. [illegible]ben Shah | 03-07-2014 |
| • Idea Exchange Program , " Global Teacher" –presented by Mr.Matthew A. Witenstein Claremont Graduate University, U.S.A. | 05-07-2014 |
| • An Organ Donation Seminar " Shatayu – The Gift of Life" | 08-07-2014 |
| • Celebration of Guru purnima Day | 12-07-2014 |
| • "Cancer Awareness seminar ", participation . | 20-07-2014 |
| • 45th Anniversary of Moon Landing Seminar . | 26-07-2014 |
| • "Cancer Awareness Exhibition" | 04-08-2014 |
| • College Praveshotsav-2014 . | 04-08-2014 |
| • Participation in All-India Essay Writing Event -2014. | 04-08-2014 |
| • Celebration of " Women Empowerment Week ". | 08-08-14 to 15-08-01 |
| • Independence Day celebration | 15-08-2014 |
| • participation in English Poetry Recitation | 26-8-2014 |
| • Celebration of Gyan Saptah | 01-09-14 to 05-09-14 |
| • Student Union Oath Taking Ceremony. | 05-09-2014 |
| • Participation in Elocution competition "challenges to Higher Education in Gujarat State" | 06-09-2014 |
| • Participation in various activities at Guj, Uni. Youth Festival. | 16-07-14 and 17-09-2014 |
| • Conduction of "Mahatma Gandhi Cleanliness Mission" . | 26-9-14 and 27-9-14 |
| • Elocution competition on " Intoxication is the root cause of Destruction ". | 08-10-2014 |
| Brainstorming session : Best Practices in Teacher Education Institutes organised by IQAC | 08-10-2014 |

| | | |
|---|---|---|
| • | College tour to Mt.Abu and Udaipur. | 16-01-2015 to 17-01-2015 |
| • | College picnic to Bakor, Lunawada,- Panchmahal | 18-01-2015 |
| • | An awareness workshop on, "Clean E – India," promoting responsible recycling of e-waste. | 31-12-2014 |
| • | Sports Day competitions | 02-01-2015 |
| • | A lecture on " Shikshak Ghadtar Ane Jivan Ghadtar" (Shaping Teacher For Future) delivered by Mr. R.P.Soni | 02-01-2015 |
| • | A lecture on Soft skills in Education delivered by Dr.Shailaben Trivedi. | 02-01-2015 |
| • | A workshop on "Peace Education Program" –Self Discovery for the Trainees. | 03-01-2015 |
| • | Participation in Soft Skill Training Program – an initiative by UDISHA organised by KCG | 01-01-2015 to 03-01-2015 |
| • | Orientation program on TET/TAT examination, conducted for trainees. | 07-01-2015 |
| • | Celebration of (1)Peace Day – slogan writing (2)Environment Day – cleanliness program (3)Signature Day, Colorful Day- sports activities (4)Traditional Day – cultural program – Thalassemia test | 08-01-15 to 12-01-2015 |
| • | Website Development program : organized for faculty members under the provision of UGC 12th plan Grant. | 10-01-2015 |
| • | "Orientation to trekking Program" | 06-02-2015 |
| • | Udisha- Placement program: organised by "Sharda Education Trust" | 16-03-2015 |

# STUDENT UNION & DHARA 2014-15

Chairman : Dr. C. P. Patel
G. S. : Amalsadiwalla Farzin X.
Vice Chairman : Dr. S. L. Solanki
L.R. : Pathan Nausinkamar L.

| S.No. | Task | Prof. Incharge | Student union Member |
|---|---|---|---|
| 1 | Assembly | Dr. R. M. Patel | - Chauhan Divya B. |
| | | | - Prajapati Jalay R. |
| | | | - Dabhi Asha S. |
| 2. | CWDC | Dr. J. R. Dave | - Amalsadiwalla Forzin X. |
| | | | - Pathan Nausinkumar J. |
| 3. | Edu. visit | Dr. S. L. Solanki | - Maliya Jaydev V. |
| | | Dr. G. S. Patel | - Makawana Arvind P. |

## Distribution as per Dharas

| S.No. | Dhara | Prof. Incharge | Student Union Member |
|---|---|---|---|
| 1. | Cognition | Dr. J. R. Dave | - Amalsadiwalla Forzin X. |
| | | | - Mali Shaileshkumar R. |
| 2. | Creativity | Dr. K. H. Yadav | - Bindiya Sukumaran |
| | | | - Sharma Hetu S. |
| 3. | Art & craft | Dr. K. H. Yadav | - Pathan Nausinkamar I. |
| | | | - Sharma Hetu S. |
| 4. | Geet-Sangit & Nritya | Dr. S. L. Solanki | - Shah Nehal S. |
| | | | - Gadhiya Rekha K. |
| 5. | Sports & Yoga | Dr. R. M. Patlel | - Chauhan Divya B. |
| | | Dr. G S. Patel | - Parmar Narmada A. |
| 6. | Social Service | Dr. G S. Patel | - Pillai Charmi C. |
| | | | - Muliya Jaydev V. |
| 7. | Drama | Dr. R. M. Patel | - Makawana Arvind P. |
| | | | - Panchal Dimpal A. |

## વિતેલા વર્ષોની યાદ...

### છેલ્લા પાંચ વર્ષનું પરિણામ

| વિગત | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ |
|---|---|---|---|---|---|
| ડિસ્ટી. | ૮૧ | ૭૯ | ૭૬ | ૭૧ | ૬૨ |
| ફસ્ટ ક્લાસ | ૦૯ | ૦૭ | ૧૦ | ૨૨ | ૨૫ |
| સેકન્ડ ક્લાસ | ૦૧ | ૦૨ | — | ૦૧ | ૦૩ |
| પાસ ક્લાસ | — | — | — | — | — |
| કુલ | ૯૧ | ૮૮ | ૮૬ | ૯૪ | ૯૦ |
| ટકા | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |
| યુનિ. ટકા | — | — | ૯૮.૬૨% | ૯૨.૫૬% | ૮૭% |

### છેલ્લા પાંચ વર્ષની વિષય પ્રમાણે સંખ્યા

| વિષયો | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ |
|---|---|---|---|---|---|
| ગુજરાતી | ૨૫ | ૩૮ | ૩૨ | ૨૮ | ૧૩ |
| સા. વિજ્ઞાન | ૩૮ | ૨૭ | ૩૬ | ૪૨ | ૧૪ |
| અંગ્રેજી | ૧૩ | ૧૧ | ૧૪ | ૧૬ | ૧૫ |
| ગણિત | ૨૨ | ૨૩ | ૨૬ | ૨૪ | ૦૯ |
| વિજ્ઞાન | ૨૨ | ૨૩ | ૨૬ | ૨૪ | ૧૭ |
| એકાઉન્ટ | ૨૮ | ૨૪ | ૨૭ | ૨૩ | ૧૪ |
| વા. વ્યવસ્થા | ૨૮ | ૨૪ | ૨૭ | ૨૩ | ૧૪ |

### છેલ્લા પાંચ વર્ષના વિદ્યાર્થીઓની સંખ્યા

| વિગત | ૨૦૧૦-૧૧ | | | ૨૦૧૧-૧૨ | | | ૨૦૧૨-૧૩ | | | ૨૦૧૩-૧૪ | | | ૨૦૧૪-૧૫ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ભાઈઓ | બહેનો | કુલ | ભાઈઓ | બહેનો | કુલ | ભાઈઓ | બહેનો | કુલ | ભાઈઓ | બહેનો | કુલ | ભાઈઓ | બહેનો | કુલ |
| એસ.સી. | ૦૨ | ૦૭ | ૦૯ | ૦૨ | ૦૬ | ૦૮ | ૦૩ | ૦૮ | ૧૧ | ૦૬ | ૦૭ | ૧૩ | ૧ | ૧૦ | ૧૧ |
| એસ.ટી. | ૦૬ | ૦૪ | ૧૦ | ૦૫ | ૦૬ | ૧૧ | ૦૨ | ૦૮ | ૧૦ | ૦૫ | ૦૭ | ૧૨ | ૫ | ૯ | ૧૪ |
| બક્ષીપંચ | ૦૪ | ૨૦ | ૨૪ | ૧૨ | ૧૪ | ૨૬ | ૧૨ | ૧૯ | ૩૧ | ૧૩ | ૧૩ | ૨૬ | ૯ | ૨૧ | ૩૦ |
| સામાન્ય | ૧૧ | ૩૪ | ૪૫ | ૦૬ | ૩૭ | ૪૩ | ૦૫ | ૩૫ | ૪૦ | ૦૫ | ૩૪ | ૩૯ | ૩ | ૩૮ | ૪૧ |
| કુલ | ૨૩ | ૬૫ | ૬૮ | ૨૫ | ૬૩ | ૮૮ | ૨૨ | ૭૦ | ૯૨ | ૨૬ | ૬૪ | ૯૦ | ૧૮ | ૭૮ | ૯૬ |

## કૉલેજમાં પ્રથમ આવનાર ભાઈ-બહેનો વર્ષ ૨૦૧૩-૧૪

### કૉલેજમાં સમગ્ર રીતે પ્રથમ :

૧. ભાઈઓમાં પ્રથમ - અલગોતર દુષ્યંત સી.
(નોબલ ફાઉન્ડેશન તરફથી)

૨. બહેનોમાં પ્રથમ - સોલંકી છાયા એ.
(મમતા કન્સ્ટ્રકશન તરફથી)

### બી. એડ્. પાર્ટ-૨ વિષય વાર પ્રથમ આવનાર

૧. સા.વિ. ગુજરાતી - સોલંકી શિવાની ઓ.
(હફસા મહેમૂદ ટોપીવાળા તરફથી)

૨. ગુજરાતી - અંગ્રેજી - ચૌહાણ હર્ષેશ જે.
(કેશવલાલ શિવલાલ પટેલ તરફથી)

૩. અંગ્રેજી - સા.વિ. - જાની ભાવિકા આઈ.
(જે. જે. ફેમિલી ટ્રસ્ટ તરફથી)

૪. ગણિત - વિજ્ઞાન - ડીડવાનીયા વંદના એસ.
(ઑલ ઇન્ડિયા ગણિત ટીચર્સ એસો. તરફથી
નૉબલ ફાઉન્ડેશન તરફથી)

૫. એકાઉન્ટ - વા. વ્યવસ્થા - દરજી રીચા જી.
(જે. જે. ફેમિલી ટ્રસ્ટ તરફથી)

## તાલીમાર્થીઓ વર્ષ ૨૦૧૪-૧૫

**Roll No. 01**
**SUFIYA RAFIKBHAI BALLUWALA**



Jamalpur, Ahmedabad
M. 9724802701
Medium : Gujarati
B.A. (Gujarati) 60 %
M.A. (Gujarati) 67 %

**Roll No. 02**
**BHARWAD KIRAN K.**



Nava Naroda, Ahmedabad
M. 7600009934
Medium : Gujarati
B.A. (Gujarati) 60.88%
M.A. (Gujarati) 67.20%

**Roll No. 03**
**DAMOR DIPIKA ARIBHAI**



Naranpura, Ahmedabad
M. 9428354391
Medium : Gujarati
B.A. (Gujarati) 61%

**Roll No. 04**
**DESAI NIMISHA MOHANBHAI**



Kalupur, Ahmedabad
M. 9898780286
M. 9586506750
Medium : Gujarati
B.A. (Gujarati) 51%
M.A. (Gujarati) 45%

**Roll No. 05**
**GADHIYA REKHA KANTILAL**



Thaltej, Ahmedabad.
M. 9687620069
Medium : Gujarati
M.A. (Gujarati) 53.80%

**Roll No. 06**
**KHARADI JAYSHREE B.**



Naroda, Ahmedabad.
M. 8511661547
Medium : Gujarati
B.A. (Gujarati) 50 %

**Roll No. 07**
**MAKWANA URMILA JETHABHAI**



Dhudhrej, Surendranagar
M. 8347343732
Medium : Gujarati
B.A. (Gujarati) 63 %

**Roll No. 08**
**PARAJIYA DIVYA CHANDULAL**



Naroda, Ahmedabad.
M. 9724313940
M. 8980338945
Medium : Gujarati
B.A. (Gujarati) 63.14%
M.A. (Gujarati) 67.29 %

**Roll No. 09**
**PARMAR NIKITABEN RATILAL**



Kapadwanj, Kheda
M. 7069293142
Medium : Gujarati
B.A. (Gujarati) 66 %
M.A. (Gujarati) 72 %

**Roll No. 10**
**PATEL BRIJESHKUMAR ISVARBHAI**



Bopal,.Ahmedabad
M. 9974898241
M. 9724899615
Medium : Gujarati
B.A. (Gujarati) 63%
M.A. (Gujarati) 51%

**Roll No. 11**
**PATEL CHARMI VISHNUBHAI**



Jasodanagar, Ahmedabad.
M. 9662631197
M. 9727313328
Medium : Gujarati
B.A. (Gujarati) 49.66%
M.A. (Gujarati) 46.29%

**Roll No. 12**
**PATEL RADHA ANILBHAI**



Ahmedabad
M. 9898083087
M. 8511921397
Medium : Gujarati
P.T.C. : 75.20 %
B.A. (Gujarati) 50%
M.A. (Gujarati) 60%

**Roll No. 14**
**ZALA BABIBAHEN JETHABHAI**



Badarkha, Ahmedabad
M. 9909511240
Medium : Gujarati
B.A. (Gujarati) 61%
M.A. (Gujarati) 62 %

**Roll No. 15**
**AMBALIYA AMITA K.**



Bareja, Ahmedabad
M. 8732911876
M. 9427482921
Medium : Gujarati
C.P.Ed. 82%
B.A. (Sociology) 63%
M.A. (Sociology) 72%

**Roll No. 16**
**BARIA SAROJBEN K.**



Dhari, Panchamahal
M. 9925357906
M. 7043556582
Medium : Gujarati
B.A. (Histoty) 69.75%

**Roll No. 17**
**DABHI ASHA SHYAMJIBHAI**



Baroda (Varsang), Kheda
M. 9924740061
M. 9879912835
Medium : Gujarati
B.A. (Philosophy) 68%
M.A. (Philosophy) 78%

**Roll No. 18**
**HANSOTI KRUTI JAYANTIBHAI**



Ghatlodia, Ahmedabad
M. 9924463051
M. 9979546968
Medium : Gujarati
B.A. (History) 55.00%
M.A. (History) 55.86%

**Roll No. 19**
**KURESHI SAMIM HANIFBHAI**



Sarkhej, Ahmedabad
M. 8758225499
M. 8488091457
Medium : Gujarati
B.A. (Geography) 66%
M.A. (Geography) 63%

**Roll No. 20**
**MAKWANA ARVIND P.**



Vasan, Ahmedabad
M. 9624397522
M. 9714475636
Medium : Gujarati
M.A. (History) 70.33%

**Roll No. 21**
**MALI SHAILESH K.**



Santrampur, Mahisagar
M. 7698375311
Medium : Gujarati
B.A. (Sociology) 56.66%
M.A. (Sociology) 58.13 %

**Roll No. 22**
**PARMAR NARMADA AALJIBHAI**



Sindhrej, Ahmedabad
M. 9662467321
Medium : Gujarati
M.A. (Political Sc.) 69.5%

**Roll No. 23**
**PATEL SALONI JAYANTILAL**



Ghatlodia, Ahmedabad
M. 9429023625
Medium : Gujarati
M.A. (Geography) 57.33%

**Roll No. 24**
**PATEL SOHINABEN DINESHKUMAR**



Ahmedabad
M. 8866861558
Medium : Gujarati
B.A. (History) 62.55%
M.A. (History) 61.75%

**Roll No. 25**
**RATHOD ANKITA VIPULBHAI**



Chandlodiya, Ahmedabad
M. 8401851389
Medium : Gujarati
M.A. (Geography) 51.2%

**Roll No. 26**
**SHARMA HETU S.**



Naranpura, Ahmedabad
M. 9725696497
M. 9909701984
Medium : Gujarati
B.A. (Home Sc.) 77.55 %

**Roll No. 27**
**SHRIMALI JAIMINI B.**



Danilimda, Ahmedabad
M. 9377163765
M. 9825778642
Medium : Gujarati
B.A. (Geography) 65%
M.A. (Geography) 57%

**Roll No. 28**
**VISHWAKARMA RAHUL CHANDRASEN**



Saraspur, Ahmedabad
M. 8000353035
Medium : Gujarati
B.A. (Economics) 66%
P.T.C. 83%

**Roll No. 29**
**YASMEEN SALAHUDDIN ANSARI**



Shahalam, Ahmedabad
M. 8140635740
Medium : Gujarati
B.A. (Eng. Lite.) 67.22%
M.A.(Eng. Lite.) 60.70 %

**Roll No. 30**
**ASARI SONAL VIJAYKUMAR**



Naroda, Ahmedabad
M. 7567070138
M. 9979451462
Medium : Gujarati
B.A. (English) 67.58%

**Roll No. 31**
**BADAMALIYA NIKUNJ DHIRAJLAL**



Aadishvarnagar, Naroda
M. 9067955460
Medium : Gujarati
B.A.(English) 49.42%

**Roll No. 32**
**BHANAT SEJAL JAYESHBHAI**



Bodakdev, Ahmedabad
M. 9601468074
Medium : Gujarati
B.A. (English) 62.39%

**Roll No. 33**
**BINDIYA SUKUMARAN**



Bopal, Ahmedabad
M. 9909712634
Medium : English
B.A. (Eng., Hindi) 62%
M.A. (English Lit) 47%
M.A. (English Lit) 58%
B.Ed. (Eng. Soci. Sci.)
P.G.D.L. (Linguistics)

**Roll No. 34**
**CHAUHAN MONA RAMESHBABU**



Naroda, Ahmedabad
M. 7817066706
M. 7600774805
Medium : Gujarati
B.A. (English) 64 %
M.A. (English) 66 %

**Roll No. 35**
**CHAVDA DIMPAL RAJUBHAI**



Ghatlodiya, Ahmedabad
M. 9558460879
M. 9898702472
Medium : Gujarati
B.A. (English) 64%

**Roll No. 36**
**DARJI JIGISHA RATIBHAI**



Sastrinagar, Ahmedabad
M. 9898304532
M. 7802850551
Medium : Gujarati
B.A. (English) 68 %

**Roll No. 37**
**DARJI KINNARI VIKRAMKUMAR**



Ahmedabad
M. 8306353680
Medium : Gujarati
B.A. (English) 59%
M.A. (English) 63%

**Roll No. 38**
**NAYKA GAURI DHANSUKHABHAI**



Ghatlodia, Ahmedabad
M. 8141343374
M. 7698203374
Medium : Gujarati
B.A. (English) 51.77%
M.A.(English) 59.30%
P.T.C. 81%

**Roll No. 39**
**PATEL KRUTIKA NITINBHAI**



Ghatalodia, Ahmedabad
M. 7600582348
Medium : Gujarati
B.A. (English) 65.11 %
M.A. (English) 70.00%
P.T.C. 83.50%

**Roll No. 40**
**RAJPUT SHIKHA SANGRAM SINGH**



Vastral, Ahmedabad
M. 9662698651
Medium : English
B.A. (English) 69 %

**Roll No. 41**
**SHAIKH ISHRAT PARVEEN M.**



Ajitmill, Ahmedabad
M. 9722137682
Medium : Gujarati
B.A. (English) 63.71%
M.A. (English) 64%

**Roll No. 42**
**SOLANKI CHETNA VAJESANGBHAI**



Dholka, Ahmedabad
M. 9408820306
M. 9624069570
Medium : Gujarati
B.A. (English) 70.81%
P.T.C. 83.70%

**Roll No. 43**
**HEMANGINI R. SOLANKI**



Navrangpura, Ahmedabad
M. 9824622628
Medium : English
B.A. (Eng.Lit.) 62.11%
M.A. (Eng.Lit.) 56.75%
P.G.D.E.A. 66.96%

**Roll No. 44**
**CHANDAK MONIKA S.**



Sabarmati, Ahmedabad
M. 8866434500
Medium : English
B.Sc. (Maths) 68.57%
M.Sc. (Maths) 68.3 %

**Roll No. 45**
**DHING PRIYANKA S.**



Shubhashbridge, A'bad.
M. 7802951919
Medium : English
B.Sc. (Maths.) 67.62%
M.Sc. (Maths.) 56.90%

**Roll No. 46**
**DAKSHA GANDHI**



Memnagar, Ahmedabad
M. 8347430311
Medium : English
B.Sc. (Math.) 64%
M.Sc. (Math.) 48 %

**Roll No. 47**
**GURJAR MAYANK R.**



Dhansura, Aravalli
M. 9601595005
Medium : Gujarati
B.Sc. (Maths) 66.3 %

**Roll No. 48**
**JADAV JAYESH G.**



Otariya, Ahmedabad
M. 9726268623
Medium : Gujarati
B.Sc. (Maths) 65.79%

**Roll No. 49**
**PATEL BHAVINI KAMLESHKUMAR**



Maninagar, Ahmedabad.
M. 8460478918
Medium : English
B.Sc. (Maths.) 67.58%

**Roll No. 50**

**KIRAN ASHOKBHAI PATEL**



Ahmedabad
M. 9601065275
Medium : Gujarati
B.Sc. (Stati) 68%
M.Sc. (Stati) 72%

**Roll No. 51**

**KAJAL D. PRAJAPATI**



Ahmedabad
M. 8460338316
Medium : English
B.Sc. (Maths.) 68%
M.Sc. (Maths.) 64.28%

**Roll No. 52**

**RATHOD DIPTI CHANDRAKANT**



Shahibaug, Ahmedabad
M. 9974327960
Medium : Gujarati
B.Sc. (Maths.) 66.58%
M.Sc. (Maths.) 58.60%

**Roll No. 53**

**KHARADI BIJAL A.**



Naroda, Ahmedabad
M. 8000949614
Medium : Gujarati
B.Sc. (Botany) 63.61%
M.Sc. (Cli. Resea.) 63.85%

**Roll No. 54**

**AMALSADIWALLA FARZIN X.**



Sci.City. Road, A'bad.
M. 9879859406
Medium : English
B.Sc. (Bio. tec.) 80.57%
M.Sc. (Bio.tec.) 73%

**Roll No. 56**

**VISHRUTI K. KACHA**



Ghatlodia, Ahmedabad
M. 9429518733
Medium : English
B.Sc. (Physics) 67%
M.Sc. (Physics) 65%

**Roll No. 58**

**MS. PRATIKSHA TRIVEDI**



Dungarpur, Rajastan
M. 9426466992
M. 9413118327
Medium : English
M.Sc. (Biotechnology) 63%

**Roll No. 59**

**NISHA NEGI**



Chandkheda, Ahmedabad
M. 8460417552
M. 9173790510
Medium : English
B.Sc. (Electronics) 77%
M.Sc. (Electronics) 80.9%

**Roll No. 61**
**CHARMI C. PILLAI**



Ahmedabad
M. 09574043668
Medium : English
B.Sc. (Microbiology) 77 %
M.Sc. (Microbiology) 72%

**Roll No. 62**
**PRAJAPATI JALAY RAMESHCHANDRA**



Baharpura, Dahod
M. 9428913353
Medium : Gujarati
B.Sc. (Chemistry) 72.09%
M.Sc. (Org.Chemi.) 67.04%

**Roll No. 63**
**PRASANTKUMAR R. RAJWADI**



Nanajambuda, Bharuch
M. 9558990542
Medium : Gujarati
B.Sc. (Botany) 71.3%

**Roll No. 64**
**RATHVA ASHVINBHAI H.**



Raypur
M. 9978760456
Medium : Gujarati
B.Sc. (Chemistry) 64%
M.Sc. (Org. Che.) 61.16%

**Roll No. 65**
**REDDIAR BABITHA VASUDEVAN**



Odhav, Ahmedabad
M. 8460253502
Medium : English
B.Sc. (Physics) 74.38%
M.Sc. (Physics) 71.59%

**Roll No. 66**
**SATHWARA DIPAL PRAVINBHAI**



Ghodasar, Ahmedabad
M. 8866176009
Medium : Gujarati
B.Sc. (Physics) 63.48%
M.Sc. (Physics) 65.58%

**Roll No. 67**
**SHARMA KHYATI R.**



Navavadaj, Ahmedabad
M. 8347949437
Medium : English
B.Sc. (Electronics) 59.48%
M.Sc. (Electronics) 51,70%

**Roll No. 68**
**RICHA SHARMA**



Chandkheda, Ahmedabad
M. 9624989098
Medium : English
M.Sc. (Bioinfor.) 73 %

**Roll No. 69**
**SOLANKI HETAL A.**



Meghaninagar, Ahmedabad
M. 7383652745
Medium : Gujarati
B.Sc. (Chemistry) 65 %
M.Sc. (Chemistry) 67%

**Roll No. 70**
**VIHANGI K. TRIVEDI**



Ahmedabad
M. 9724852546
M. 9727982536
Medium : English
B.Sc. (Env. Sci.) 78 %
M.Sc. (Botany) 73%

**Roll No. 71**
**YADAV PUJA**



Maninagar, Ahmedabad
M. 8490953325
Medium : English
B.Sc. (Envi. Sci.) 67.5%
M.Sc. (Euvi. Sci.) 69.5%

**Roll No. 72**
**ANDHARIYA NIDHI D.**



Vejalpur, Ahmedabad
M. 8690623002
Medium : English
B.Com. (Adv. Stat.) 66%
M.Com. (Finance) 65%

**Roll No. 73**
**BAGDE JIGNASA BHARATBHAI**



Vastral, Ahmedabad
M. 8238079828
Medium : Gujarati
B.Com. (Adv. A/c.) 67%
M.Com. (A/c.) 62.33%

**Roll No. 74**
**CHAUDHARI SANJAY CHHANIYABHAI**



Vejalpur, Ahmedabad
M. 9723108243
Medium : Gujarati
B.Com. (A/c.) 59.55 %
M.Com. (A/c.) 55.57 %

**Roll No. 75**
**CHAUHAN DIVYA BABUBHAI**



Meghaninagar, Ahmedabad
M. 9537861704
M. 8401636255
Medium : Gujarati
B.Com. (A/c.) 68 %
M.Com. (A/c.) 66 %

**Roll No. 76**
**DAMOR AJAYKUMAR CHHAGANBHAI**



Isanpur, Ahmedabad
M. 9824288526
Medium : Gujarati
B.Com. (A/c.) 57.41%

**Roll No. 77**
**PARUL ASHOKBHAI DARJI**



New Ranip, Ahmedabad
M. 8401037915
Medium : Gujarati
B.Com. (A/c.) 72.67%
M.Com. (A/c.) 60.75%

**Roll No. 78**
**NEMISHA B. DAS**



Naroda, Ahmedabad
M. 9824504989
M. 8460537197
Medium : English
M.Com. (A/c.) 66.38%

**Roll No. 79**
**DARSHANABAHEN H. DODIYA**



Saijpur Bogha, Ahmedabad
M. 9724757874
Medium : Gujarati
B.Com. (Ad. A/c.) 66%
M.Com. (Ad. A/c.) 65%

**Roll No. 80**
**GADHAVI JENI R.**



Shahpur, Ahmedabad.
M. 7405187367
M. 9574111213
Medium : English
M.Com. (Stat.) 67%

**Roll No. 81**
**ANKITA TRIBHOVANDAS GOHEL**



Satellite, Ahmedabad
M. 8758889261
Medium : Gujarati
B.Com. (A/c.) 58.88%
M.Com. (A/c.) 59.91%

**Roll No. 82**
**MULIYA JAYDEV VALJIBHAI**



Botad
M. 9624349598
Medium : Gujarati
B.Com. (A/c.) 67 %

**Roll No. 83**
**NINAMA BHARGAV ALAKHABHAI**



Nirnaynagar, Ahmedabad
M. 9638415425
M. 9426075425
Medium : Gujarati
B.Com. (A/c.) 61.77%
M.Com. (A/c.) 62.00%

**Roll No. 84**
**PANCHAL BHUMIKA BHIKHABHAI**



New Vadaj, Ahmedabad.
M. 9724870750
M. 9898728018
Medium : Gujarati
B.Com. (Ad. A/c.) 62 %
M.Com. (A/c.) 47 %
PGHRM 80%

**Roll No. 85**
**DIMPAL A. PANCHAL**



Nikol, Ahmedabad
M. 8460584657
M. 9725374481
Medium : Gujarati
B.Com. (A/c.) 68.0%
M.Com. (A/c.) 58.5%

**Roll No. 86**
**PANCHAL POOJA JAYANTILAL**



Ghodasar, Ahmedabad
M. 7600858611
Medium : Gujarati
B.Com. (Ad. A/c.) 60%
M.Com. (A/c.) 57%

**Roll No. 87**
**PARMAR SHALU GUNUBHAI**



Bopal, Ahmedabad
M. 9426270812
Medium : Gujarati
B.Com. (A/c.) 68.0%
M.Com. (A/c.) 63.5%

**Roll No. 88**
**PARMAR SWATI BHARATBHAI**



Vejalpur, Ahmedabad
M. 9714952484
M. 8460698570
Medium : English
B.Com. (Ad. A/c.) 60.66%
M.Com. (A/c.) 59 %

**Roll No. 89**
**GAURAV NATUBHAI PATEL**



Motipura, Himmatnagar
M. 9724604024
M. 9924240572
Medium : Gujarati
B.Com. (A/c.) 71.54%
M.Com. (A/c.) 71 %

**Roll No. 90**
**PATHAN NAUSINKUMAR J.**



Sarkhej, Ahmedabad.
M. 9376149016
Medium : English
M.B.A. (Finance)60.15%
B.B.A. (Mgt. A/c.) 75%

**Roll No. 91**
**ANKITA M. POKAR**



Kotda (Chakar) Kachchh
M. 9601311949
M. 9427285225
Medium : Gujarati
B.Com. (A/c.) 71.00%
M.Com. (A/c.) 73.10%

**Roll No. 92**
**SONALI VISNUBHAI RANA**



Maninagar, Ahmedabad
M. 9925862798
M. 9638099837
Medium : Gujarati
B.Com. (A/c.) 59.11%
M.Com. (A/c.) 54%

**Roll No. 93**
**SAVALAKHIYA HEMANGINI R.**



Dharnidhar, Ahmedabad
M. 7778038554
Medium : Gujarati
B.Com. (Ad. A/c.) 65%
M.Com. (A/c.) 64%

**Roll No. 94**
**NEHAL SHAILESHKUMAR SHAH**



Malpur, Arvalli
M. 9426340051
Medium : Gujarati
B.Com. (A/c.) 70.70%
M.Com. (A/c.) 59.00%

**Roll No. 95**
**JAYDIP RAMESHCHANDRA SUTHAR**



Mahemdabad, Kheda
M. 8487800107
M. 7383451478
Medium : Gujarati
B.Com. (A/c.) 70.88%
M.Com. (A/c.) 60.25%
P.T.C. 82.30%

**Roll No. 96**
**TIWARI ARCHANA ASTANAND**



Kalapinagar, Ahmedabad
M. 8401739311
M. 8000205790
Medium : Gujarati
B.Com. (A/c.) 70.43%
M.Com. (A/c.) 56.43%

**Roll No. 97**
**RONAK PRADIPBHAI VADHAVANA**



Ghatlodia, Ahmedabad
M. 8140742793
M. 7405842970
Medium : Gujarati
B.Com. (A/c.) 63.11%
M.Com. (A/c.) 60.88%

**Roll No. 98**
**VASAVA SNEHAL M.**



Nandej-Baredaj, A'bad.
M. 9426725826
Medium : Gujarati
M.Com. (A/c.) 55.33%

**Roll No. 99**
**KHALAS CHIRAG JAGDISHBHAI .**



Kalupur, Ahmedabad
M. 8000755898
M. 9824665072
Medium : Gujarati
B.Com. (A/c.) 60%
M.Com. (A/c.) 65%



## શ્રદ્ધાંજલિ

ગુજરાતની મહાજન પરંપરાના મોભી, સમગ્ર જૈન સમાજના સન્માનીય, સર્વસ્વીકૃત અને પરમ શ્રદ્ધેય પ્રાજ્ઞ પુરુષ, મૂલ્યનિષ્ઠ કેળવણીના હિમાયતી, શિક્ષણ, સંશોધન અને સંસ્કૃતિની સંસ્થાઓના સંરક્ષક અને સંવર્ધક, ઉદ્યોગપતિ અને માનવતાનું ગૌરવશિખર એવા શ્રેષ્ઠીવર્ય શ્રી શ્રેણિકભાઈનું ૮૯ વર્ષની વયે અમદાવાદમાં પોતાના નિવાસસ્થાને તા. ૧૯, જૂન ૨૦૧૪ના રોજ અવસાન થયું. તેઓના અવસાનથી સોસાયટીએ તથા આખા શહેર અને ગુજરાતે શૈક્ષણિક અને સામાજિક પ્રશ્નોમાં ઊંડો રસ લેતી એક વિભૂતિ ગુમાવી છે. આવા પુણ્યશાળી મહાનુભાવના અવસાનથી એ. જી. ટીચર્સ કૉલેજ પરિવાર દુ:ખની લાગણી અનુભવે છે.

તેમનો આત્મા શાશ્વત શાંતિ પામે અને શોકાતુર કુટુંબીજનોને આવી પડેલી આપત્તિને સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શક્તિ આપે તેવી એ.જી. ટીચર્સ કોલેજ પરિવાર પ્રાર્થના કરે છે. — એજિયન પરિવાર



## સ્મરણાંજલિ

***- શ્રી વી. એમ. ભટ્ટ***
***નિવૃત્ત આચાર્ય***
***એ.જી. ટીચર્સ કોલેજ, અમદાવાદ.***

(એ.જી. ટીચર્સ કોલેજના ભૂતપૂર્વ પ્રાધ્યાપક ડૉ. બીસનગરીનું આ વર્ષે નિધન થયું. તેમને આ લખાણ દ્વારા સ્મરણાંજલિ આપીએ છીએ.)

સ્વ. જનાબ મોહંમ્મદ ઉસ્માનગની બીસનગરી

એ.જી. ટીચર્સ કોલેજના નાના મોટા સૌ કર્મચારીઓને હળવાશની લહેર તરફ દોરી જતું એક ગમતું નામ. વહોરાઓની હળવી મજાકિયા અને પ્રવાહી જીવનશૈલી તથા રમૂજી વ્યવહારથી તેઓ ગમે તેવા ગંભીર વાતાવરણમાં ભાર ઓછો કરી શકતા. અમદાવાદ અને બહારના શિક્ષણ જગતમાં ઘણા ખ્યાતનામ મુસ્લિમ ભાઈઓ હતા અને છે. પણ મિજાજ અને વ્યવહારમાં મૌલિક જગા ઊભી કરી તેવા ડૉ. બીસનગરી જેવા મિત્રો કદાચ ઓછા હોઈ શકે.

તેમના પિતા વિસનગરમાં વેપારી હતા અને લોકોમાં 'સાચા મિયાં'ના નામે જાણીતા હતા. તેનું કારણ તેમનો નિર્દોષ વ્યવહાર હતો એવું એક મિત્રએ કહેલું. બિસનગરીમાં પિતાનો એ વારસો હતો. બી.એસસી., બી.એડ્. થયા પછી અમ. મ્યુનિ. એ શરૂ કરવા ધારેલી પી.ટી.સી. કોલેજમાં નોકરી સ્વીકારેલી પણ કોલેજ એકાદ વર્ષ પછી બંધ પડી. તે વખતે એ.જી. ટીચર્સ કોલેજના એક્સ્ટેન્શન સર્વિસ ડિપા. ના કો. ઓર્ડિનેટર શ્રી સી. એમ. મહેતાસાહેબ એ.ઓ. તરીકે કોલેજમાંથી મ્યુનિ.માં જોડાયા. નિમાયેલા સ્ટાફને જોબ મળે એ હેતુથી ડૉ. કે.જી. દેસાઈસાહેબ જે તે વખતે કોલેજના પ્રિન્સીપાલ હતા તેમણે ભલામણ કરી એક્સ્ટેન્શન સર્વિસ ડિપા. જે કોલેજ સાથે જ જોડાયેલું હતું તેમાં રીસર્ચ આસિસ્ટન્ટ તરીકે લીધેલા. આ ડિપા. નું કામ આજના GCERT જેવું પણ સીમિત વર્તુળનું હતું. બે વર્ષ તેમાં રહી કોલેજમાં જ સ્ટાફ ઉપર લેવાયા અને મેથ્સના મેથેડમાસ્ટર થયા. ૧૯૭૦માં જ્યારે આ લખનાર કોલેજમાં સ્ટાફમાં લેવાયાં ત્યારે તે કાળુપુરથી સાયકલ પર આવતા જ્યારે મારે ખોખરાથી સાઇકલ પર આવવાનું થતું. રસ્તામાં ઘણી વાર સંગાથ થઈ જતો અને તે વખતે તે કોલેજની અંદર-બહારની વાતો કરતા. કેવી રીતે રહેવું તે શીખવતા. જે મને ઉપયોગી પણ નીવડતું.

કોલેજમાં ઘણા મુસ્લિમ ભાઈ-બહેનો આવતા. તેમને પણ એ ક્યાં કઈ રીતે વર્તવું-બોલવું-પ્રવૃત્તિઓમાં ભાગ લેવો તેનું માર્ગદર્શન આપતા. રીપબ્લિક હાઈસ્કૂલ અને અંજુમને ઈસ્લામ હાઈસ્કૂલ સાથે એ જોડાયેલા હતા. વળી કોલેજમાંથી પણ ત્યાં પાઠો ગોઠવાતા. આમ શિક્ષણ જગતના જીવ હોવાને કારણે સહજ રીતે સામાજિક કાર્યોમાં પણ રસ લેતા. વ્યાપારી કુનેહ સાથેની ઈસ્માઈલી ફાવટને કારણે એમણે એમનાં સંતાનોને સીમિત જગતમાં ન રાખ્યાં અને એ

જમાનામાં કાળુપુરથી અહીં પશ્ચિમ વિસ્તારની શાળાઓમાં તકલીફો વેઠીને ભણાવ્યાં. સ્ટાફના મિત્રોનાં સંતાનોનાં રીસેપ્શન વગેરેમાં બન્ને પતિપત્ની હરખભેર ભાગ લેતાં. બધાને પરિચય પણ કરાવતા. એમની દીકરી કાળુપુરમાંથી ખુલ્લા માથે સાઇકલ પર નીકળતી ત્યારે ત્યાંના સમાજમાં ટીકા થતી છતાં તે હિંમતથી દીકરીને એ રીતે જ જવાનું કહેતા, એવી વાત તેમણે કરેલી. તેમનાં બધાં સંતાનો તેમને રસ્તે માનવસંબંધોમાં વિશ્વાસ રાખે તે રીતે ઘડાયાં છે.

ટી ટેબલ ડૉ. બીસનગરી અને ડૉ. સી.બી. પટેલ આવે ત્યારે થોડુંક હળવું બનતું કારણ કે બંને ડૉ. પ્રિ. ભાવસારના પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ હતા. તેથી મિત્રો તેમને ડાબો જમણો કહેતા. પ્રિ.પી.વી. રીસવડકર, પ્રિ. કે. કે. શુકલ અને એસ.સી. ઠક્કર જ્યારે એકબીજાની સાથે સેટાયર શૈલીમાં વાત કરે ત્યારે અમે (ડૉ. ચૌધરી, ડૉ. ઠાકર અને આ લખનાર) એમને 'થ્રી મસ્કેટીયર્સ' કહેતા. તે વખતે એ અંગ્રેજી ચિત્રપટ ચાલતું. બિસનગરી તેમની શૈલીમાં ટેબલ પર હાથ પછાડીને એનો પડઘો પાડતા. ડૉ. મહેન્દ્રિકાબહેન, પ્રા. મિનાક્ષીબહેન વગેરે કોફી પીતાં બીસનગરી એમના ભાગની ચા પી અને પછી પ્યાલો તેમની તરફ સરકાવતાં કહેતા 'કોફીનો ટેસ્ટ સારો આવે છે!' —કહી અડધો પ્યાલો કોફી વધારાની પી લેતા.

માઈક્રોટીચિંગમાં વિધાનોની હકારાત્મકતાનો પાઠ અચૂક લેતા. જેમાં એક વાક્ય એ લખતા 'ભગવાન સૌનું ભલું કરે!' —એ લખવાનું પૂરું કરે એટલામાં પહેલાં અમે બોલી દેતા. Hand writing Scale ઉપર એમણે પીએચ.ડી. કરેલું એટલે અહીં પણ એ ઘણી ધીરજથી કરતા. જે એક ધાર્યા અક્ષરોમાં હોય. ગ્રૂપ ફોટો જૂના કેમેરામાં કોલેજ બિલ્ડીંગની પાછળના ભાગમાં પાડવાનો હોય ત્યારે પ્રાધ્યાપકો પહેલી હરોળમાં ખુરશીમાં બેસતા. કેમેરામેન કાચ ઉઠાવતા પહેલાં 'રેડી બોલે' એટલે પાછળથી કોઈ 'ઈસ્માઈલ' એમ બોલે. કેમેરામેન 'નાઉ સિરિયસ' એમ કહે. બે ત્રણ વાર રીહર્સલ થાય અને છેલ્લે ફોટો પડે ત્યારે ..... ખુદ 'ઈસ્માઈલ' કરતા ઊભા થાય!

હળવા-મળવા જેવા અને પારિવારિક સંબંધોમાં અંતરંગમિત્રનું સ્થાન ધરાવતા પ્રા. ડૉ. બીસનગરીને અમે સૌ નવાજૂનાં મિત્રો સ્મરણાંજલિ પાઠવીને યાદ કરીએ છીએ.

---

## શ્રદ્ધાંજલિ



**(સ્વ. ડૉ. ગીતાબહેન દેસાઈ, નિવૃત્ત અધ્યાપક) (૧૯-૦૯-૧૯૮૮ થી ૧૪-૦૯-૨૦૦૩)**

**જન્મ તા. ૨૨-૧૦-૧૯૪૫ અવસાન તા. ૨૫-૦૨-૨૦૧૫**

"દુનિયાને સુંદર બનાવવી હોય તો પોતે સુંદર બનવું પડે" ઉક્તિ અને ડૉ. ગીતાબહેન દેસાઈ બન્ને એકબીજાના પર્યાય લાગે છે. પોતાના શિક્ષણવ્યવસાયને મિશનરૂપે ગણી, તેઓએ સંનિષ્ઠા અને આદર્શો દ્વારા એ.જી. ટીચર્સ કૉલેજના આદર્શોનું જતન કર્યું હતું.

વિદ્યાવ્યાસંગી શિક્ષક તરીકે તેઓ વિદ્યાર્થીજગતમાં વિદ્યાર્થીવત્સલ શિક્ષક તરીકે ઓળખાતાં. દરેક કામ ખૂબ ચીવટ અને ચોકસાઈથી કરવું અને તાલીમાર્થી પાસેથી પણ એ જ અપેક્ષા રાખી. ગુણવત્તાસભર ભાષાશિક્ષક તૈયાર કરવા સંકલ્પબદ્ધ રહ્યાં હતાં. સંપૂર્ણ તૈયારી સાથે સજ્જ થઈને જ વર્ગખંડમાં પ્રવેશવું એ ડૉ. ગીતાબહેનની ઓળખ હતી. કૌશલ્ય પાઠ, ડેમો પાઠ કે કૉલેજના કાર્યક્રમો હોય તેમનું ભાવવાહી કાવ્યપઠન અને સભાસંચાલનની આગવી છટા સદાય યાદગાર રહેશે.

સમીકરણ થકી સંબંધો નહિ પરંતુ માનવસંબંધને જીવનપૂંજી સ્વરૂપે સ્વીકારી ગીતાબહેને કૉલેજ સ્ટાફ સાથે પરિવાર સમુ વાતાવરણ સર્જ્યું હતું. સંસ્કારના તાણાવાણાથી વણાયેલું તેમનું પ્રેમાળ અને પ્રેરક વ્યક્તિત્વ નવનિયુક્ત અધ્યાપકો માટે પથદર્શક બની રહેતું.

તેમની જ્ઞાનનિષ્ઠા, કુટુંબનિષ્ઠા અને સંનિષ્ઠાના ત્રિવિધ તપથી સર્જાયેલું ડૉ. ગીતાબહેન દેસાઈનું આગવું વ્યક્તિત્વ એજિયન પરિવાર માટે મશાલરૂપ બની રહેશે.

પરમકૃપાળુ પરમાત્મા ડૉ. ગીતાબહેન દેસાઈના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એવી અંતરની અભ્યર્થના.

— એજિયન પરિવાર



# શ્રેષ્ઠ વિદ્યાલય

- ડૉ. મોતીભાઈ પટેલ
તંત્રી : 'સમણું' સુરેન્દ્રનગર

ઑસ્કર વાઇલ્ડ નામના વિચારકે કહ્યું છે કે : 'શાળા એવી જગ્યા હોવી જોઈએ કે, વિદ્યાર્થીને જ્યારે સજા કરવાનું હોય ત્યારે તેને કહેવું કે જા તારે બે દિવસ શાળાએ આવવાનું નથી. ત્યારે તેને તે સજા લાગે.' વર્તમાન શાળામાં ભણતા વિદ્યાર્થીને કહીએ કે તારે બે દિવસ શાળાએ આવવાનું નથી, ત્યારે તે સામેથી કહે, સર... એક અઠવાડિયું રજા આપોને !

કહેવાનું તાત્પર્ય એ છે કે, શાળા એવી સુંદર જગ્યા હોય... ત્યાં એવું સુંદર પર્યાવરણ હોય કે બાળકને શાળા છોડવાનું મન ન થાય. આવી શાળા એ શ્રેષ્ઠ શાળા ગણાય. અહીં શાળાઓ આજે કેટલી ? શનિ-રવિ રજામાં પણ બાળકો વાલીઓને કહે કે, મારે શાળાએ જવું છે. એવું અભિસંધાન શાળા સાથે વિદ્યાર્થીને થવું જોઈએ. સ્વરાજ્ય આશ્રમ વેડછીની ગ્રામશાળામાંથી જતા વિદ્યાર્થી 'વહાલુડી મારી વેડછી ગ્રામશાળા' એમ ગાતાં ગાતાં જતાં. એ જ રીતે શાંતિનિકેતનમાં વિદ્યાર્થીઓ 'આમાદેર શાંતિનિકેતન' ગાતાં ગાતાં જતાં.

આવાં શ્રેષ્ઠ વિદ્યાલયોમાં કયાં પાસાં ભાગ ભજવે છે ? શ્રેષ્ઠ વિદ્યાલય અર્થાત્ ઉત્તમ પર્યાવરણ ધરાવતી શાળા. ઉત્તમ પર્યાવરણ ઊભું કરવામાં કયાં કયાં પરિબળો ભાગ ભજવે તે જોઈએ. પ્રથમ પરિબળ છે, ભૌતિક શાળાનું સ્થળ જે જગ્યાએ હોય તે શાન્ત અને પ્રાકૃતિક હોવું જોઈએ. કોલાહલથી મુક્ત, આપણે પ્રાચીન સમયની શાળાઓ તેથી જ તો જંગલમાં જ્યાં ભારોભાર પ્રકૃતિ હોય ત્યાં હતી. તેથી તે ગુરુકુળો કહેવાતાં. કણ્વ ઋષિનો, સાંદીપનિ ઋષિનો આશ્રમ કેવો હશે ? કલ્પના તો કરો. દ્રોણ, વશિષ્ઠ, વિશ્વામિત્ર જેવા ગુરુઓના આશ્રમ સંપૂર્ણ કુદરતને ખોળે હતા. માટે તો તેમાંથી કૃષ્ણ-રામ-લક્ષ્મણ-અર્જુન-કર્ણ અને બળરામ જેવા મહાન વ્યક્તિત્વો પેદા થયાં. જેમણે ભારતના નિર્માણમાં અગત્યનો ભાગ ભજવ્યો. એટલે શ્રેષ્ઠ શાળા પ્રાકૃતિક વાતાવરણમાં હોવું જોઈએ. ઉપરાંત શાળાનું મેદાન, ફર્નિચર, દશ્ય-શ્રાવ્ય સાધનો, પાઠ્યપુસ્તક, ગ્રંથાલય, પ્રયોગશાળા પણ સમૃદ્ધ હોવાં જોઈએ. એટલું જ નહીં તેનો સદુપયોગ થવો જોઈએ. ટૂંકમાં ભૌતિક પર્યાવરણ શાળા માટે અનિવાર્ય છે.

બીજું પરિબળ માનવીય. જેમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્યો, સંચાલકો, વાલીઓ, સરકાર, શાળાના અન્ય કર્મચારીઓ આવી જાય. શાળામાં ભૌતિક સંગતિ હોય પણ આ માનવીય પરિબળો નિષ્ક્રિય હોય યા નકારાત્મક હોય તો પણ શાળા શ્રેષ્ઠ ન ગણાય. શાળાના વિદ્યાર્થીઓ તરવરતા, પ્રવૃત્તિશીલ, જિજ્ઞાસુ અને અધ્યયનશીલ હોવા જોઈએ. શાળાની પ્રાર્થનાસભામાં અનેક સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં તે સક્રિય ભાગ લે તેવાં હોવા જોઈએ. આપણે વર્ષોથી કહેતા આવ્યા છીએ કે, આજનું શિક્ષણ વિદ્યાર્થીકેન્દ્રી છે. પણ આજની મોટાભાગની શાળાઓમાં શિક્ષણ શિક્ષણકેન્દ્રી જ છે. બાળક તો બિચારું પરિઘમાં રખડ્યા કરે છે. જે શાળા પ્રવૃત્તિથી ધમધમતી હોય શાળા, વર્ગમાં જ નહીં વર્ગબહાર પણ ચાલતી હોય તે જ શાળા વિદ્યાર્થીની શક્તિને પ્રગટાવી શકે. આજની શાળાઓમાં તો પર્યાવરણ પણ વર્ગમાં બેસીને પુસ્તક દ્વારા શિક્ષકો જણાવે છે. ખરેખર શાળાના પ્રાંગણમાં અનેક પ્રકારનાં વૃક્ષો હોય. બાળકો એ વૃક્ષો પર ચડે-પડે-કૂદે વૃક્ષ ઉપર પોતે માળા બનાવી વાંચે તો જ બાળકને શાળા ગમે. જેલની કોટડીની જેમ વર્ગમાં બેસાડી રાખવાથી બાળકનું ભાવિ અંધકારમય બની જાય છે. તેથી જ તો પ્રકૃતિવાદી રૂસો કહે છે : 'પ્રકૃતિની ઇચ્છા છે કે બાળકને બાળક જ સમજવું. જ્યાં સુધી તે પૂર્ણ પુરુષ ન થાય', આપણે તો બાળકના બાળપણને છીનવી લઈએ છીએ. તેમની રમવા-તોફાન કરવાની અવસ્થામાં તેમને ઔપચારિક શિક્ષણમાં રોકી રાખીએ છે. ફ્રોબેલે તો શાળાને કિંડરગાર્ડન... એટલે બગીચો કહ્યો છે. આપણી શાળાઓમાં તો સહારાનું રણ બની જાય છે. વળી બાળકને છ વર્ષનું થાય ત્યાં સુધી ઔપચારિક શિક્ષણમાં ન મૂકવું જોઈએ. વિદ્યાર્થી જ્યારે બાળપણમાં હોય ત્યારે તેને સ્વતંત્રતા-મુક્તિ અને મુક્ત પ્રાકૃતિક પર્યાવરણ આપવું જોઈએ.

બાળકો શાળામાં ખીલું ખીલું કરતાં હસતાં-રમતાં આવે છે. જ્યારે વર્ગમાં જાય છે ત્યારે દિવેલીઓ-અપ્રસન્ન શિક્ષક એ બાળકોના બધા જ રસ ચૂસી લે છે. તેથી જ વર્ષો પહેલાં પેલા કવિએ કહેલું : ખીલું ખીલું કરતાં માસૂમ ગુલ સૂન શિક્ષકને સોંપાણાં. કાષ્ઠ તણી કોટડીમાં અથડાણાં. તે દિવસે હરિન લોચનિયાં રોતાં મેં દીઠાં. વર્ષો પહેલાનું આ ચિત્ર આજની શાળાઓમાં પણ જોવા મળે છે. તેથી તો એક મજાની રમૂજ છે.

એક વિદ્યાર્થીને તેના વાલી ઢસડીને નિશાળે લઈ જઈ રહ્યા હતા. બાળક ખૂબ જ રોતું હતું. તે જ વખતે એક ભાઈ એક બકરીના કાન ખેંચીને બાજુમાંથી જતા હતા. બકરું બેં બેં કરતું હતું. પેલા બાળકે પોતાના વાલીને પૂછ્યું. પિતાજી આ બકરાને ક્યાં લઈ જાય છે ? વાલીએ કહ્યું, કતલખાને. બાળકે કહ્યું તો સારું... મને એમ કે તેને નિશાળે લઈ જાય છે !!! બાળકને મન નિશાળ એ કતલખાનું જ છે. આપણે તેમાંથી સુંદર બગીચો બનાવવો છે, જેમાં બાળક શાળાએ દોડતું દોડતું જાય... આજનાં બાળકો તો કહે છે : 'કાકલૂદી અમારી આજ સાંભળી લો માણવા દો અમને બાળપણ, ભણતરને બનાવો ભાર વિનાનું સાબિત કરી દો જરા શાણપણ' (સંવેદનાનો દુકાળ : જગદીશ કામાણી) આમ આજની શાળાઓમાં તો બાળકોનું બાળપણ-ભોળપણ બધું જ લુંટાઈ રહ્યું છે. ત્યારે વળી કવિ કહે છે :

બાળકના ખુદના વજનના ત્રીજા ભાગનો
આ સ્કૂલબૅગનો ભારો।
ભોળા ભટાક આ બાળમજૂરને
કેમ કરીને કહેવો નટવર નાનો। (સંવેદનાનો દુકાળ : જગદીશ કામાણી)

આમ આપણે શ્રેષ્ઠ વિદ્યાલય સર્જવા ઇચ્છતા હોઈએ તો બાળકની સંવેદનાને... બાળકના બાળપણને... બાળકની પ્રકૃતિને અને બાળકનાં અરમાનોને કેન્દ્રમાં રાખવાં જોઈએ. વિદ્યાલયે બાળકોને ઊડવા આકાશ આપવું જોઈએ. આમ શાળાનું પર્યાવરણ રચવામાં માનવીય પરિબળ બાળક છે તેને ઊગવા દે તેવું વાતાવરણ શાળાએ સર્જવું જોઈએ.

બીજું માનવીય પરિબળ છે શિક્ષક. ચાણક્યે તો કહ્યું છે કે : 'શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદમેં પલતે હૈ'. પણ આજે તો શિક્ષકની ગોદમાં પ્રલય જ દેખાય છે. શિક્ષક એટલે શીખે અને શીખવે તે. શ્રેષ્ઠ વિદ્યાલયનો શિક્ષક હમેશાં શીખતો. નવું નવું જાણવા જિજ્ઞાસા વાળો - તરવરતો - સતત વાંચતો - વિચારતો અને વિકસતો હોવો જોઈએ. આજે તો નિવૃત્ત થતા શિક્ષકના ઘરમાં પોતાનાં કહી શકે તેવાં દસ પુસ્તકો કે દસ સામયિકો પણ નથી હોતાં. બીજી તરફ પ્રાથમિક શાળાઓમાં ઊંડાણના પ્રદેશમાં કાર્ય કરતા શિક્ષકોને ત્યાં પાંચ હજાર પુસ્તકોની પોતાની લાઈબ્રેરી અને પચાસ જેટલાં સામયિકો તેને ત્યાં આવે છે. પણ આવા શિક્ષકો કેટલા ?

શિક્ષકો હંમેશાં વર્ગમાં પ્રવેશતાં પોતાનાં રાગદ્વેષ-પૂર્વગ્રહો-હઠાગ્રહો-ચિંતાઓ-બધું જ વર્ગ બહાર મૂકીને પ્રસન્ન ચિત્તે - સ્વસ્થ મને હસતા હસતા વર્ગમાં પ્રવેશવું જોઈએ. વર્ગમાં ગયા પછી શિક્ષકે પોતાની જાતને નીચોવી નાંખવી જોઈએ. શિક્ષક વર્ગનો બંદો .... વર્ગનો તે રાજા છે. શિક્ષકના વર્ગ પ્રવેશ પછી વર્ગની આબોહવા જ બદલાઈ જવી જોઈએ. વિદ્યાર્થીઓ શિક્ષકના આવવાની ચાતક નજરે રાહ જુએ ત્યારે સમજવું કે સાચો શિક્ષક વર્ગને મળ્યો છે. સાચો શિક્ષક વર્ગને સ્વર્ગ બનાવે. નબળો શિક્ષક વર્ગને સ્વર્ગસ્થ બનાવી દે. શ્રેષ્ઠ વિદ્યાલયનો શિક્ષક વર્ગને સ્વર્ગ બનાવે તેવો હોવો જોઈએ.

કોઈકે કહ્યું છે : શાળા એ ખેતર છે,
શિક્ષક એનો ખેડૂત છે,
વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિ બીજ છે,
પ્રોત્સાહન એ ખાતર છે,
માર્ગદર્શન એમાં થતી ખેડ છે.

શિક્ષકને ખેડૂત માનીને તો ખેડૂત જેટલો પરિશ્રમ શ્રદ્ધા અને વિશ્વાસ શિક્ષકમાં હોવાં જોઈએ. તેણે પોતાની પાસે આવેલાં તરવરતાં બાળકોની સુષુપ્ત શક્તિઓ જાણવી જોઈએ અને તેને વિકસાવવા માટેની તક આપવી જોઈએ. હંમેશાં

વિદ્યાર્થીને પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવું જોઈએ. જેથી બાળક પોતાની શક્તિઓને સાચી દિશામાં વાળી શકે. બાળક છે તેવું શિક્ષકે સ્વીકારવું જોઈએ. એમાં બાળક છે, તેમ માની તેનાં તોફાનો - તેની હરકતોને માફ કરી તેના વિકાસની જ ચિંતા કરવી જોઈએ. આપણે એને ઉવેખવો ન જોઈએ. પેલી કવિતા છે.

કહે રે બાળક તું મારગ ભૂલ્યો કે,
તારા વેરીએ વળાવીઓ, અહીંયાં તે શીદને આવ્યો !

જો એમ કહેશો તો આધુનિક બાળક કહેશે,

નથી હું મારગ ભૂલીયો કે નથી મારા વેરીએ વળાવીઓ,
જગાડ તારા નાગને મારું નામ કૃષ્ણ કનૈયો !

આજનું દરેક બાળક બાળકનૈયા જેટલી તાકાત ધરાવે છે. એ જ્યારે જાગશે ત્યારે શી વલે કરશે ? માટે શિક્ષકે તેને આવકારવો જોઈએ, નકારવો જોઈએ નહીં.

એકવીસમી સદીનાં બાળકો તો અત્યંત તેજસ્વી, રૂઆબદાર અને જવાબદાર છે. તમે એને કોઈ ખોટી વાત કરશો તો તે સ્વીકારશે નહીં. પ્રહ્લાદે તેના પિતાનો સવિનય અનાદર કર્યો હતો તેમ ! આજની પેઢી પોતાનાં મા-બાપને પણ જે સાચું લાગે તે કહી દેશે. કોઈ શહેશરમ રાખ્યા વગર. આવી સાચુકલી પેઢીને ભણાવનાર શિક્ષક પણ કેટલો બધો સાચુકલો-સમૃદ્ધ અને પારદર્શક હશે ? બાળકો તો ખુલ્લી આંખે બધું જ જુએ છે. શિક્ષકની કહેણી અને કરની વચ્ચે ફરક હશે તો તરત જ કહી દેશે. સર ! તમે તો આમ કરતા હતા ! માટે શ્રેષ્ઠ શાળાનો શિક્ષક ખૂબ જ જાગૃત, વાણી અને વર્તન વચ્ચે તફાવત વિનાનો, બાળકને ચાહનારો, બાળકની જિજ્ઞાસાને સંતોષનારો હોવો જોઈએ.

શ્રેષ્ઠ શાળાનો આચાર્ય તો સર્વાંગી અને ઑલ રાઉન્ડર હોવો જોઈએ. આચરે તે આચાર્ય. પોતાના આચરણ દ્વારા શાળાની દરેક વ્યક્તિને તે પ્રેરનારો હોવો જોઈએ. આચાર્ય કામ કરે અને કરાવી શકે તેવો હોવો જોઈએ. કેટલાક આચાર્યો કામ કર્યા કરે પણ બીજાની પાસે લઈ ન શકે. તેવા આચાર્ય શ્રેષ્ઠ વિદ્યાલયમાં ન શોભે. નેતૃત્વથી તરવરતું તેમનું વ્યક્તિત્વ હોવું જોઈએ. વિદ્યાર્થી-શિક્ષકો અને વાલીઓ-સંચાલકો સાથે સુંદર-સમન્વય સાધે તેવો હોવો જોઈએ શ્રેષ્ઠ વિદ્યાલયનો આચાર્ય માત્ર કાર્યાલયમાં બેસી રહે તે ન ચાલે. તેણે સ્ટાફરૂમમાં શિક્ષકો સાથે પણ અનૌપચારિક ગોષ્ઠિ કરવી જોઈએ. વર્ગખંડોમાં ભણાવતા શિક્ષકો અને ભણતા વિદ્યાર્થીઓનો વર્ગવ્યવહાર પણ જોવો જોઈએ. વાલીઓ, સંચાલકો સાથે પણ શાળાની જરૂરિયાતો અને શાળાની ખામીઓ વિષે તટસ્થ રીતે વાત કરી શકે તેવો હોવો જોઈએ. તે કદી લાચાર્ય ન બનવો જોઈએ. હંમેશ સત્ય ગમે તેવાને કહે તેવો હોવો જોઈએ. વિદ્યાર્થીઓની પ્રગતિની જાણ વાલીઓને સમયાંતરે કરતા હોવાં જોઈએ. વર્ષે એક કે બે વાર વાલીસંમેલનો દ્વારા શાળા અને સમાજને નજીક લાવવાની તક ઊભી કરનાર તે હોવો જોઈએ. તે માટે આચાર્ય અને શિક્ષકોએ સતત વાલીસંપર્ક કરતા રહેવું જોઈએ. વિદ્યાર્થીના ઘરનું, પરિવારનું વાતાવરણ કેવું છે, તે પણ તે જાણતા હોવા જોઈએ. વાલીઓ પણ વર્ષમાં અમુક સમય શાળામાં આવી પોતાના પાલ્યની પ્રગતિ જાણે તેવી તક ઊભી કરવી જોઈએ. સાચા અર્થમાં આચાર્ય શાળાનો ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડ હોવો જોઈએ તો જ તે પોતાની શાળાને શ્રેષ્ઠ વિદ્યાલય બનાવી શકે. શાળા પાસે શાળાનું વાર્ષિક-પંચવાર્ષિક અને દસ વાર્ષિક આયોજન પણ હોવું જોઈએ. વળી આચાર્ય હંમેશાં વાંચતો-વિચારતો-વિહરતો અને વિકસતો હોવો જોઈએ. શાળાના બધાંયે માનવીય તત્ત્વોને તેના પર વિશ્વાસ હોવો જોઈએ.

શ્રેષ્ઠ વિદ્યાલયમાં વિદ્યાર્થી કેન્દ્રમાં હોવો જોઈએ. વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખીને જ શાળાનો સમગ્ર વ્યવહાર થવો જોઈએ. નહીં તો રવીન્દ્રનાથ ટાગોરની પેલી 'પંખીની શાળા' વાર્તા જેવું થાય, તો તેનો કોઈ અર્થ નથી. પદ્ધતિસર વિદ્યાર્થીને ભણાવાય પણ વિદ્યાર્થી જ મૃત્યુ પામે તો તેનો શો અર્થ !!

શ્રેષ્ઠ વિદ્યાલયનો વિદ્યાર્થી જીવતાં-જીવતાં શીખશે, શીખતાં શીખતાં નહીં જીવે. ટૂંકમાં શ્રેષ્ઠ વિદ્યાલય પ્રવૃત્તિઓથી ધમધમતું, બાળકોના બાગ સમું, બાળકોને જ કેન્દ્રમાં રાખીને ચાલતું હશે. આપણે શ્રેષ્ઠ વિદ્યાલય વિશે આટલી ચર્ચા કર્યા પછી 'વિદ્યા' વિશેનાં કવિ કાગનાં કેટલાંક સૂત્રો જોઈએ. આમ તો કવિશ્રીએ આઠ ભાગમાં કાગવાણી લખી છે. તેમાંના

પાંચમા ભાગનું નામ તેમણે 'બાવન ફૂલડાંનો બાગ' આપ્યું છે. જેમાં વિવિધ વિષયોનાં ૨૬૧૫ સૂત્રો પોતાના જીવનના અનુભવોમાંથી આપ્યા છે. તેમાંથી મને ગમેલ કેટલાંક સૂત્રો આ રહ્યાં.'

- અકાળે મેળવેલાં જ્ઞાન પ્રસંગ આવ્યે ચાળણીમાંથી પાણીની માફક સરી પડે છે.
- અભ્યાસ એટલે અંદરનું બહાર કાઢવું.
- વિનય વિનાની વિદ્યા, દયા વિનાનું દાન, ભાવના વિનાની વ્યક્તિ અને સ્નેહ વિનાનો ગૃહસ્થાશ્રમ અફળ અને દુઃખદાયી નીવડે છે.
- પાંદડા વિનાનું વૃક્ષ, તેલ વિનાનો દીવો, પાણી વિનાની નદી, પરોપકાર વિનાની વિદ્યા અને વિશ્વાસ વિનાનું તપ એ બધાં જ સરખાં છે.
- શબ્દોના અર્થો જ્યારે બદલાય, ત્યારે બુદ્ધિની ગણતરી બંધ થાય.
- અનુભવ અને કોરો અભ્યાસ, એ બે વચ્ચે ઘી, ગ્યાસતેલ જેટલું છેટું છે.
- પ્રાણી માત્રને જન્મથી જ તરતાં આવડે છે ફક્ત એક માનવીને જ તરતાં શીખવું પડે છે. કેવો કુદરતી સંકેત !
- અધિકાર વિનાની કોઈપણ વિદ્યા વિનાશને જ નોતરે છે.
- તમારી લક્ષ્મીને સરસ્વતી મંદિરમાં મોકલતા રહેશો, તો તે તમારા પર પ્રસન્ન રહેશે. આપણે શ્રેષ્ઠ વિદ્યાલયના સૌ ભાગીદારો આ સૂત્રો મમળાવીએ અને જીવનમાં ઉતારીએ.

**'વૃંદાવન', ૮-ગાયત્રી સોસાયટી, જિનતાન રોડ, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૨ મો. ૯૮૨૫૦૮૨૭૩૮**

## સજા : મનથી કે શરીરથી ? સજા : મનને કે શરીરને ?

*- ભદ્રાયુ વછરાજાની*



પોતાની પત્ની તથા બે સંતાનો સાથે મળેલા એ જણે વાંકા વળી મારાં ચરણ સ્પર્શ કર્યાં. હું તો ઓળખીય નહોતો શક્યો એને. એમણે પોતાનાં પત્નીને પરિચય કરાવ્યો અને બંને સંતાનોને પણ કહ્યું : 'પગે લાગો, આ મારા ટીચર છે.' ... હું જરા વિચારું ત્યાં તો એણે કહ્યું : 'હું તમારી પાસે ભણ્યો છું અને તમે મારેલો ફડાકો મને આજે ય યાદ છે.!' એ આટલું બોલ્યો ત્યાં તો મને ડર થવા લાગ્યો કે અરે, આવી દુઃખદ સ્મૃતિ આ જણને યાદ કરવાનું કાં સૂઝ્યું ? પણ તે આગળ બોલ્યો : 'પણ સર, એ ફડાકો ન પડ્યો હોત ને તો હું આજે જે છું ને તે ન બની શક્યો હોત હો ! સર, ત્યારે આકરુ લાગેલું પણ તમે બીજા જ પિરિયડમાં મને બોલાવી વાંસામાં હાથ ફેરવી મને તોફાન ન કરવા દિલથી સમજાવેલો. મને ત્યારે થયેલું કે સરની સજા શરીરથી હતી, મનથી સર મારા હિતેચ્છુ છે... અને હું સારા રસ્તે વળી ગયો એટલે તો આજે બૅંકનો પ્રામાણિક ઑફિસર બની ગયો છું.'

સજા : મનથી છે કે શરીરથી ? સજા : મનને છે કે શરીરને ? સજા : ઝટકો છે કે ઝાપટ ? સજા : દિલની કરુણાથી પ્રગટી છે કે બુદ્ધિના બગાડથી ? સજા : ટીચરના અહમ્‌નું પરિણામ છે કે શિક્ષકનાં શિસ્ત અને મૂલ્યમાંથી અવતરેલી છે ? મને ખબર છે કે આજે કોઈ પણ કારણથી થતી સજા અમાન્ય છે, ગેરકાયદેસર છે, અસ્વીકૃત છે. હું આજનાં નવાં ધોરણોને માથે ચડાવું છું, પણ હું મારી કેફિયત રજૂ કરી રહ્યો છું.

મારા ગણિતના ગુરુ પારસી હતા. પ્રભાવશાળી હતા : જબરા હતા - બોલાવે, ભણાવે અને દેખાવે પણ ! તેનું શરીર અમારા ડર માટે પર્યાપ્ત હતું. તેઓનો તકિયાકલામ હતો : 'તને ફૂટબોલ બનાવી દઈશ.' મને આજે ય યાદ છે કે ગણિતનો દાખલો બૉર્ડ પર ગણવા અમને બોલાવે, ન આવડે તો પોતાના મહાકાય પંજો મદદમાં લઈ આપણું માથું

બૉર્ડમાં અથડાવે... અલબત્ત, કાળજી લેતા કે જોશથી ના ભટકાય, પણ છઠ્ઠા ધોરણમાં ભણતા આપણે તો થથરી મરીએ ને ?? પણ એ જ ગુરુ વર્ગમાં અર્ધો પિરિયડ હળવી વાતોથી મઝા ય કરાવતા. જે પિરિયડમાં આપણાં માથાનો વારો ચડ્યો હોય તે જ પિરિયડ પૂરો થાય ત્યારે આપણી પાસે આવી માથાં પર વ્હાલથી એ જ પંજો મૂકી કહેતા જાય : 'દોસ્ત, માથું છે ને ? સાચવજે અને ઊંચું રાખજે.' આ આખી સજાસભર ભાવાત્મક અવસ્થા ત્યારે ન્હોતી સમજાણી પણ હું શિક્ષક થયો ત્યારે જાણે-અજાણે તેને અનુસરવાનું બન્યું હતું, તે નક્કી... જે શિક્ષકોનું વર્ગના કોઈ વિદ્યાર્થી કશું માનતા ન હતા અને ઘોંઘાટ-ગોકીરો કરી શિક્ષકની હાજરીને સ્વીકારતા જ ન હતા, તેવા શિક્ષકો મને ત્યારે નમાલા લાગેલા અને આજે ય સ્મૃતિપટ પર તેમનું ક્યાંય સ્થાન નથી ! આનો અર્થ એ થયો કે સજા દ્વેષથી નહીં, દિલથી થાય અને સજા શરીરને નહીં પણ બાળકનાં હૃદયને સ્પર્શે તેવી થાય તો જ તેની સારી અને હકારાત્મક અસર છૂટી જાય છે,.. અન્યથા ઝીણકાં વેરનું વાવેતર બને છે.

આજનું વાતાવરણ બદલ્યું છે. ઘણાં બધાં બાળકો, એક 'મા-બાપ'ને નથી. પતિ-પત્ની અને એક કે બે. બસ કુટુંબ આવડું, બાળકનો ઉછેર પેમ્પરીંગથી થવા લાગ્યો છે. 'અમારી રીન્કુ તો કદી રડી જ નથી' એવું કહેવું મમ્મી-પપ્પા માટે મોભો ગણાય છે. રીન્કુ પાણી માંગે ત્યાં કોક મળે છે. રીન્કુને થાકી ન જવાય એટલે તેનું હોમવર્ક મમ્મી કરી આપે છે, મોટીવેશનલ ગુરુઓ ફૂટી નીકળ્યા છે, એમણે દરેક મા-બાપના મનમાં કહી દીધું છે કે : (કેપેસિટી હોય કે ન હોય) તમારે તમારાં સંતાનોને જબ્બર મોટાં સ્વપ્નાં જ દેખાડવાનાં છે, ઊંચી ઊડાન માટે જ કહેવાનું છે, તમારે બાળક નારાજ ના થઈ જાય તેનું ધ્યાન રાખવાનું છે... આવું હથેળીમાં રૂની જેમ સાચવેલું-થાપડભાણાં કરેલું બાળક સ્કૂલમાં ટીચરનો અવાજ ઊંચો થાય ત્યાં જ ગભરાય મરે છે.. ટીચર હાથ ઉગામે ત્યાં તો ફાટી પડે છે... સ્થિતિ સમજવા જેવી છે. અધૂરાં મહીને જન્મેલો બાળકને પેલી પોચી પેટીમાં રાખી જીવાડ્યું હોય એવું બાળક આજે વર્ગખંડમાં આવે છે ! એટલે એને સજાનું તો વિચારી જ કેમ શકાય ?? વળી, શિક્ષક આજે 'અણઘડ વધુ અને પુખ્ત ઓછા' ! શિક્ષકત્ત્વથી, કરુણાથી, લાગણીથી, પ્રેમ-હૂંફથી નવી પેઢીને ઘડવાનાં ઉદ્દેશ્યથી શિક્ષક કોણ થાય છે, આજે ? ટ્યુશન, ગાપચી, પાર્ટ ટાઈમ જૉબ, જમાદારી, બાંધ્યો પગાર, કાયમી નોકરી અને સીધી જવાબદારી વગરનું કામ જેને ગમે છે તે શિક્ષક થાય છે. આ કડવી પણ વાસ્તવિકતા છે એટલે આજનો વર્ગખંડ વિચિત્ર combination ધરાવે છે : કૂણું બાળક અને સખત શિક્ષક, ડરતો વિદ્યાર્થી અને ડરાવતો શિક્ષક, પ્રવૃત્તિ ઇચ્છતો વિદ્યાર્થી અને અભ્યાસક્રમ પતાવતો શિક્ષક, ધીમાં ડગલાં માંડી મક્કમતાથી ચાલવા માંગતો વિદ્યાર્થી અને સોટી વીંઝીને પણ હાંફી રહે તોપણ બાળકને દોડાવતો શિક્ષક !!

આજની નવી પેઢી આપણાં કરતાં વધુ મેચ્યોર્ડ છે, વધુ સમજુ છે, વધુ અવલોકનશીલ છે,... તેથી તેની સાથે સખ્તાઈથી કામ લેવાથી મામલો બગડે એમ છે. આ બદલાયેલી સ્થિતિનો સ્વીકાર કરવો જ પડે અને એટલે જ શારીરિક કે શાબ્દિક સજાને તિલાંજલિ આપવા પડે... તો શિક્ષકે કરવું શું ? જવાબ રોકડો છે અને સ્પષ્ટ છે : શિક્ષકે પોતાનું પોત વધારવું, પોતાનો 'ઑરા' (AURA) વધુ વિસ્તારવો, પોતે enrich (સબળ-ઉચ્ચ) થવું, પોતાનો પ્રભાવ-પોતાની પ્રતિભા-પોતાની સભરતા એટલી ઊંચે લઈ જવી કે વિદ્યાર્થી તેનાથી મોહી પડે, સજા કરવાની જરૂર જ ન પડે... શિક્ષક ચાહે ત્યારે વર્ગ આખો ખડખડાટ હસી પડે અને એ જ શિક્ષક કોઈ હૃદયસ્પર્શી વાત કરે ત્યારે વર્ગમાં ગમગીની છવાય જાય !! આ દિવ્યતા વર્ગને પ્રાપ્ત થાય તો સજાનું સ્થાન મજા જ મજા લઈ લે, તે નક્કી...

શ્રી માતાજી કહે છે : 'મારું બાળક ભણેશ્રી ન થાય તો વાંધો નથી, પણ મારાં બાળકને ભણવા પ્રત્યે અભાવ ન થવો જોઈએ, શાળા પ્રત્યે અણગમો ન થવો જોઈએ, શિક્ષક પ્રત્યે અનાદર ન થવો જોઈએ...'

bhadrayu2@gmail.com / M. 09898920333



# પ્રાચીન ભારતીય શિક્ષણ દર્શનમાં ઉપનિષદોમાં શિક્ષણ

ડૉ. આશા પંડિત

આચાર્ય, વૈદ્યશ્રી એમ.એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન

ભારતની પ્રાચીન પરંપરા આજે જગતને આજના યુગની શૈક્ષણિક સમસ્યાઓ અને વર્તમાન જગતના પ્રશ્નોના ઉત્તર સ્વરૂપે ઉમદા દિશાર્નિદેશ કરવા સક્ષમ છે.

ઉપનિષદોએ અધ્યાત્મવિદ્યાના ગ્રંથો છે જેને તત્ત્વજ્ઞાનની જનની કહી શકાય. આપણા ચારે વેદોમાં (ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ)માં કર્મકાંડ, ઉપાસનાકાંડ અને જ્ઞાનકાંડ એમ વિભાગો છે. કર્મકાંડની મીમાંસા બ્રાહ્મણ ગ્રંથોમાં, ઉપાસનાકાંડની આરણ્યકોમાં અને જ્ઞાનકાંડની ઉપનિષદોમાં થયેલ છે. ઉપનિષદોનાં જ્ઞાનનાં ઊંડાણમાં પહોચવું હોય તો સૌ પ્રથમ ક્રિયાકાંડ અને ઉપાસનાકાંડનું યર્થાથ પરિશીલન કરવું અનિવાર્ય છે.

ક્રિયાકાંડ વિશેષત : કર્મપ્રધાન છે આ અવસ્થાને તો 'to do' કહી શકાય. યજ્ઞ, યોગ, પૂજા-પાઠ, પ્રાણાયામ, જપ વગેરે તેનો એક ભાગ છે. ઉપાસનાકાંડનો મુખ્ય સંબંધ ચિત્તગત વ્યાપાર છે જેને તો 'to feel' તરીકે ઓળખાવી શકાય. ચિંતન, મનન, માનસપૂજા, સાધના એ તેની ફલશ્રુતિ છે. જ્યારે જ્ઞાનકાંડમાં આ 'to do' and 'to feel'ને અતિક્રમીને ઉપર જવાનું છે તેમાં સાધનાનું પ્રધાનઅંગ મનસાતીત (મનની પેલે પાર) જવાનું છે. જેમાં અનુભૂતિની પ્રસ્તુતતા છે તે માટે તેને to beની અવસ્થા કહી શકાય. આમ ચોક્કસ સ્વરૂપમાં સ્થિત થવું, સમાધિ પામવી તે તેનું અંતિમ ચરણ છે. ઉપનિષદો વેદોમાં આ અર્થમાં જ્ઞાનકાંડનો એક ભાગ છે.

આમ 'to do', 'to feel' and 'to be' આમ ત્રણે અવસ્થાઓમાંથી પસાર થતાં થતાં માનવી આત્માનુભૂતિ કરી શકે છે.

**ઉપનિષદનો અર્થ :** આ એક એવું જ્ઞાન છે જેના દ્વારા પરમાત્માની નિકટતા પામી શકાય છે. ઉપ=સમીપ, નિ=નિતાંત. આમ જે જ્ઞાન સમીપ જતાં (પ્રાપ્ત થતાં) નિતાંત અજ્ઞાનને નાશ, સર્વાત્મા પરમાત્મા તરફ ગતિ કરે તથા અવિદ્યા (કર્મવિદ્યા) જન્ય સંસારોનાં દુઃખો શિથીલ થઈ જાય તે ઉપનિષદ છે.

ઉપ + નિ + સદ્‌માં સદ્‌નો અર્થ બેસવું તેવો થાય છે. વિચારકોનાં મતે જ્ઞાનરૂપી અગ્નિ પાસે બેસવું, સમાધિમાં બેસવું કે ગુરુની પાસે બેસવું તેવા પણ ઉપનિષદના અર્થ મળે છે.

સ્વામી વિવેકાનંદજી આ જ બાબતને સર્મથન આપતાં કહે છે

"Upnishad Means Sitting or Sitting beside a Teacher"

શ્રી શંકરાચાર્ય ઉપનિષદને મુખ્ય અર્થ બ્રહ્મવિદ્યા અને ગૌણ અર્થ બ્રહ્મવિદ્યા પ્રતિપાદક ગ્રંથ તેમ કહે છે.

The Upnishads are the source of the Vedant philosophy, a system in which human speculation seems to me to have reached its very acme. - Pro Max Maller

ઉપર દર્શાવ્યા તે અને અન્ય ઘણા સંદર્ભો ઉપનિષદના તાત્પર્ય તરીકે બ્રહ્મજ્ઞાનની સર્વોપરિતા અને અમૃતત્વ પ્રાપ્તિ માટે તેની યર્થાથતા પ્રતિપાદિત કરે છે.

શિક્ષણના સંદર્ભમાં જોઈએ તો ઉપનિષદો કહે છે કે અવિદ્યા મૃત્યુ એટલે લૌકિક કષ્ટોથી મનુષ્યને બચાવીને જ્યારે તેને અમૃતત્વ પ્રાપ્ત કરાવે તેને વિદ્યા કહેવાય.

સૃષ્ટિ પરના કોઈ પણ અસ્તિત્વ જેવા કે પતિ, પત્ની, ધન, દેવ, પ્રાણી, પદાર્થ-એ દરેક વસ્તુને સંલગ્ન જ્ઞાન જાણવું એ પ્રથમ કાર્ય. પરંતુ આ દરેક વસ્તુ આપોઆપ કોઈને પ્રિય લાગતી નથી. તેની અંદર રહેલા આત્મતત્ત્વને આપણે જાણીએ છીએ તે આનંદના દર્શન કરીએ છીએ તેના પરિણામે આપણને તે વસ્તુ પ્રિય લાગે છે. અપરાવિદ્યા (ભૌતિક વિદ્યા અને કર્મવિદ્યા) આપણને લૌકિક જીવનનું જ્ઞાન આપે છે પરંતુ આ લક્ષ્ય સાધન છે તેના દ્વારા સાધના, આત્માનુભૂતિની સાધના કરવાની છે.

આ બાબતને સ્પષ્ટ સ્વરૂપ આપવા તૈતરિય ઉપનિષદમાં આનંદપ્રાપ્તિનાં સોપાનો આ પ્રમાણે દર્શાવેલાં છે : (૧) અન્નમય કોષ, (૨) પ્રાણમય કોષ, (૩) જ્ઞાનમય કોષ, (૪) વિજ્ઞાનમય કોષ અને (૫) આનંદમય કોષ

ઉપનિષદોમાં પંચકોશ વિષયક ઘણું વિશિષ્ટ અને મહત્ત્વપૂર્ણ દર્શન જોવા મળે છે. શરીર આત્માનું નિવાસસ્થાન છે, પરંતુ શરીર એટલે માત્ર સ્થૂળ શરીર જ નહિ આત્માનું આ નિવાસસ્થાન છે, પંચકોશાત્મક છે. કોશ એટલે આવરણ. જેને આપણે સ્થૂળ શરીર ગણીએ છીએ તે અન્નમય કોશ છે. અન્યમય કોશ પાંચ મહાભૂતોનો બનેલો છે.... અન્નમય કોશથી સૂક્ષ્મ દ્વિતીય પ્રાણમયકોશ છે. તેઓનાથી સૂક્ષ્મ મનોમયકોશ, વિજ્ઞાનમય કોશ અને સૌથી સૂક્ષ્મ આનંદમય કોશ છે. આ પાંચેય કોશને તેમનો અધિષ્ઠાતા પુરુષ પણ છે. તેવું વર્ણન આ ઉપનિષદોમાં છે, તેમને અનુક્રમે અન્નમય પુરુષ, મનોમય પુરુષ, વિજ્ઞાનમય પુરુષ અને આનંદમય પુરુષ કહે છે.

**અન્નમય કોષ :** (ભૌતિક જીવનની સંપન્નતાનો ઉદ્દેશ). આનંદનું પ્રથમ અને નિમ્નતમ સ્વરૂપ અન્નમય છે. આનો અર્થ એ થયો કે માનવ માટે ભૌતિક જીવનની સંપન્નતા આનંદ પ્રાપ્તિનું પ્રારંભિક લક્ષણ છે. માત્ર ભૌતિક સંપન્નતા નહીં પરંતુ શિક્ષણ દ્વારા ભૌતિક તત્ત્વોની જાણકારી, તેનો ઉપયોગ અને આજીવિકા માટેની ક્રિયાઓનું જ્ઞાન મેળવવું. ભૌતિક જગતનું જ્ઞાન, તેની પ્રાપ્તિ, તેના ઉપભોગની જાણકારી મેળવવી, રોજીરોટી મેળવી પરિવારનું ભરણપોષણ કરવું.

**પ્રાણમય કોષ (સ્વસ્થ શરીરનો ઉદ્દેશ) :** ભૌતિક 'સ્વ'થી ઉપર પ્રાણમય સ્વ છે. આનો અર્થ એ થયો કે આનંદ પ્રાપ્તિ માટે પ્રાણમયકોષ-શક્તિ જરૂરી છે. વનસ્પતિ એટલે શું, પ્રાણીઓ શું છે, સજીવોનો વિકાસ કેવી રીતે થયો, તેના વિકાસની સુયોગ્ય પ્રક્રિયા કઈ છે, તથા ઇન્દ્રિયોના વિષયમાં તે કેવી રીતે પ્રવૃત્ત થયા છે તેની જાણકારી અને તે પ્રમાણેની શક્તિ પ્રાપ્ત કરી તે સ્વસ્થ શરીર માટે જરૂરી છે.

**મનોમય કોષ (બૌદ્ધિક વિકાસનો ઉદ્દેશ) :** મનોમય કોષ માનવીના વિકાસ સાથે સંબંધિત છે. પ્રાણીઓથી માનવ, મન અને વિચારના સ્તરે ભિન્ન કોષીય છે. અન્ય સજીવોની સરખામણીએ માણસના ઊંચા હોવાનું કારણ બૌદ્ધિક વિકાસ છે. વૈચારિક શક્તિ, વિવિધ ક્ષેત્રોના અનુભવ મેળવી દરેક પરિસ્થિતિનો બૌદ્ધિક શક્તિથી સામનો કરવો, અનુભવોનો સંચય, માહિતીઓનું વર્ગીકરણ એ વર્ગીકૃત માહિતીનું વિશ્લેષણ, બૌદ્ધિક વિકાસ છે. મનુષ્યની વિકાસયાત્રાનું શ્રેય જો કોઈને આપવું હોય તો તે મનોમય કોષને આપી શકાય.

આ સંદર્ભમાં વિચારીએ તો શિક્ષણનો એક ઉદ્દેશ બાળકનો બૌદ્ધિક વિકાસ કરવાનો છે. આ વિકાસ એટલે ભાષા, અંક સંબંધી જ્ઞાન, માનસિક શક્તિઓ જેવી કે તર્ક, સર્જનાત્મકતા, ચિંતનશકિત વગેરે.

**વિજ્ઞાનમય કોષ (માનસિક વિકાસનો ઉદ્દેશ) :** સૂક્ષ્મ એવો વિજ્ઞાનમય કોષ મનોમય કોષની અંદર છે. વ્યક્તિ ષદ્દ શું છે,અષદ્દ શું છે તેનો વિચાર કરતાં શીખે. તે પ્રેય શું છે તથા શ્રેય શું છે તે વિચારી શકવા સક્ષમ બને. વ્યક્તિ પોતાની રીતે નીરક્ષીર વિવેક દાખવતો થાય અને યોગ્ય નિર્ણય લે. આ બાબતો માનસિક વિકાસને સંબંધિત છે. આ જ્ઞાનને વિજ્ઞાન તરીકે ગણીએ તો શિક્ષણનો એક ઉદ્દેશ માનસિક વિકાસ છે.

કોઈપણ બાબત કે ઘટનાનું પ્રથમ કારણ (reason) નક્કી થાય તે બાબતનું ત્યાર પછી મનન કરતાં તેમાંની વાસ્તવિકતા (fact) સ્પષ્ટ થાય અને અંતે તે વલણ કે મૂલ્ય (attitudes/values) તરીકે સ્થાયી થાય. આમ, માનવીય બૌદ્ધિક શકિત મનના ઊંચા સ્તરે વિશિષ્ટ જ્ઞાન તરીકે સ્થિત થાય છે તે માનસિક વિકાસ છે.

**આનંદમય કોષ :** (આત્માનુભૂતિનો ઉદ્દેશ) જ્ઞાતા અને જ્ઞેય વચ્ચેના ભેદ મટી જાય. જ્ઞાતા જ્ઞાનમય-બ્રહ્મમય બની આવરણરહિત બની જાય તે આનંદ છે. સાધનને સાધ્ય ન માને પરંતુ સાધન શુદ્ધિનું મહત્ત્વ સમજી બ્રહ્મ સાક્ષાત્કારની સાધના આરંભે.

ટૂંકમાં કહી શકાય કે, सर्व खल्विदँ ब्रह्म । – સર્વ (સમસ્ત) ખરેખર બ્રહ્મ છે પ્રતિપાદિત વિષય-જગત બ્રહ્મ છે-બ્રહ્મમયપણું-It is ultimate aim of education(life).

આમ, ઉપનિષદોમાં મનુષ્ય હોવાપણાથી માંડીને તેના વિકાસની ચરમસીમા અને અમરત્વની પ્રાપ્તિની રૂપરેખા સુરેખ રીતે આપેલી છે. વર્તમાન સમયમાં શિક્ષણનાં પ્રર્વતમાન સ્વરૂપમાં આ ઉપનિષદોમાં પ્રબોધેલા સત્યોને સાંકળી લેવામાં

આવે તો શિક્ષણ માત્ર આજીવિકાનું કે ભૌતિક સંપત્તિની પ્રાપ્તિ માટેનું સાધન ન બની રહેતાં મનુષ્યનાં હૃદય અને મનને આધ્યાત્મિકતાના વૈભવ સુધી દોરી જવા સક્ષમ બની શકે. શિક્ષણના વૈશ્વિક હેતુઓ, સામાન્ય હેતુઓ, વિશિષ્ટ હેતુઓની યોગ્ય રૂપરેખા દોરી શકાય અને ત્યારબાદ તેને અનુલક્ષીને કરાતાં વર્ગવ્યવહાર, અભ્યાસક્રમ, શૈક્ષણિક પદ્ધતિઓ, શૈક્ષણિક સાધનસામગ્રી તથા મૂલ્યાંકન સુધીના અને મનુષ્યના વર્તન પરિવર્તન સુધી યોગ્ય માવજત અને તકેદારી રાખવામાં આવે તો શિક્ષણ એક આનંદયાત્રા બની જાય જે અંતે સચ્ચિદાનંદ રૂપની પ્રાપ્તિ કરાવે. સમગ્ર શિક્ષણજગતનાં શ્રેય અને પ્રેયનો આ સુચારુ પથ છે તેવા સન્માર્ગે ચાલવાનું આપણને સૌને બળ મળે તેવી અભ્યર્થના સહ....

વૈધશ્રી એમ.એમ.પટેલ કૉલેજ ઓફ એજ્યુકેશન
૩૦૧, પ્રતિક્ષા-૨૦, ગુલબાઈ ટેકરા સામે, આઈ.ડી.બી.આઈ. પાસે, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૦૯

## NROER(મુક્ત શૈક્ષણિક સામગ્રીનો રાષ્ટ્રીય માહિતી-ભંડાર)નો પ્રાથમિક પરિચય

– ડૉ. નવનીત રાઠોડ
નિવૃત્ત પ્રોફેસર



NROER એટલે National Repository of Open Educational Resources (મુક્ત શૈક્ષણિક સામગ્રીનો રાષ્ટ્રીય માહિતી-ભંડાર). તે એક વેબ પ્લેટફોર્મ છે. તેની શરૂઆત ૧૩ ઓગસ્ટ ૨૦૧૩માં થઈ હતી. તેનું URL આ પ્રમાણે છેઃ http://nroer.gov.in

આ એક મુક્ત અને જાહેર માહિતી-ભંડાર છે. તે સહકારી પ્લેટફોર્મ છે અને શિક્ષકો, વિદ્યાર્થીઓ, વિષય નિષ્ણાતો અને શિક્ષણમાં રસ ધરાવતા બધા તેનો ઉપયોગ કરી શકે છે.

આ વેબસાઈટમાં કઈ શૈક્ષણિક સામગ્રી આપેલ છે?/આપવામાં આવશે?

પ્રાથમિક અને માધ્યમિક શાળાનાં બધાં ધોરણો(એકથી બાર,I-XII), બધા વિષયો અને બધી ભાષાઓ (ભારતના બંધારણના પરિચ્છેદ આઠમાં દર્શાવેલી ૨૨ ભાષાઓ)માં શૈક્ષણિક સામગ્રી તૈયાર થઈ રહી છે.

વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને ગણિતની સામગ્રીથી અત્યારે શરૂઆત કરવામાં આવી છે.

ભવિષ્યમાં પ્રાથમિક અને માધ્યમિક શાળાનાં બધાં ધોરણો(એકથી બાર I-XII), બધા વિષયો અને ભારતની ૨૨ ભાષાઓમાં શૈક્ષણિક સામગ્રી ઉપલબ્ધ થશે.

ભવિષ્યમાં શિક્ષક-પ્રશિક્ષણ (D.Ed., B.Ed., અને M.Ed. કક્ષાના અભ્યાસક્રમો)ની શૈક્ષણિક સામગ્રી પણ મૂકવામાં આવશે.

ડિજિટલ સામગ્રી, શાબ્દિક માહિતી(Tex), ચિત્ર (Image), શ્રાવ્ય(Audio), દશ્ય(Video), અને interactive objects સ્વરૂપે હશે. ડિજિટલ સ્વરૂપમાં ફેરવી શકાય તેવી માહિતીનો પણ સમાવેશ થશે. ઉદાહરણ તરીકે પ્રવૃત્તિ, વર્કશીટ, પ્રશ્ન-સંગ્રહ, લેખ, અને ઓડીઓ પુસ્તક.

શૈક્ષણિક માહિતીની રજૂઆત માટે સંકલ્પના-નકશાઓ (Concept maps) તૈયાર કરવામાં આવ્યા છે. જે જરૂરિયાત મુજબ વિકસતા રહેશે.

આ વેબસાઈટ શિક્ષકોને કઈ રીતે ઉપયોગી છે?

શૈક્ષણિક સામગ્રીની રચના કરીને, તેને અપલોડ કરીને શિક્ષકો પોતાનું પ્રદાન અને સહયોગ આપી શકશે.

આ વેબસાઈટ ઉપરની કોઈપણ શૈક્ષણિક સામગ્રી ડાઉનલોડ કરી શકશે.

અન્યની શૈક્ષણિક સામગ્રી ઉપર પોતાની સૂચનાઓ આપી શકશે અને તેનું ક્રમાંકન કરી શકશે.

અન્ય ભાષામાં આપેલી શૈક્ષણિક સામગ્રીનું ગુજરાતી ભાષામાં ભાષાંતર કરી શકશે.

સરકારી, બિન-સરકારી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને વ્યક્તિઓ આ કાર્યમાં જોડાઈ શકે છે.

આ વેબસાઈટ કઈ વિચારધારાને અનુસરે છે?

Creative Commons License ( CC-BY-SA)ની વિચારધારા પ્રમાણે આ વેબસાઇટની રચના થઈ છે. CC-BY-SA એટલે Creative Commons Attribution Share Alike.

જે શૈક્ષણિક સામગ્રીનો ફરી વાર ઉપયોગ કરવાની(Reuse), સુધારવાની(Revise), એકથી વધુ શૈક્ષણિક સામગ્રીનો સમન્વય કરવાની(Remix), અને પુનઃવિતરણ કરવાની(Redistribute), કાયદેસરની મંજૂરી/અધિકાર આપે છે એટલે કે આ વેબસાઈટની સામગ્રી ઉપર અહીં દર્શાવેલી કોઈપણ પ્રક્રિયા કરી શકાય છે.

NROERની રચના અને અમલીકરણ નીચે દર્શાવેલી ત્રણ સંસ્થાઓ દ્વારા થાય છે.

૧. Department of School Education and Literacy (DSEL), Ministry of Human Resource Development (MHRD), Government of India (GOI). આ વિભાગે ICT@Schoolsની યોજના અમલમાં મૂકી છે. જેના સહયોગથી ICTની માળખાગત સુવિધાઓ અને સાધનો આખા દેશની માધ્યમિક શાળાઓમાં ઉપલબ્ધ બન્યા છે.

૨. Central Institute of Educational technology (CIET), National Council of Educational Research and Training(NCERT), New Delhi. NROER (મુક્ત શૈક્ષણિક સામગ્રીનો રાષ્ટ્રીય માહિતી-ભંડાર) વેબસાઈટની રચના, સંચાલન અને વિકાસની જવાબદારી આ સંસ્થા સંભાળે છે.

૩. Meta studio, the platform hosting the Repository- Gnowledge Labs, Homi Bhabha Center for Science Education, Mumbai. આ પ્રયોગશાળા NROER વેબસાઈટને ટેકનિકલ સહાય પૂરી પડે છે.

આ ત્રણેય સંસ્થાઓના સહયોગથી NROER(મુક્ત શૈક્ષણિક સામગ્રીનો રાષ્ટ્રીય માહિતી-ભંડાર) વેબસાઈટની રચના શક્ય બની છે.

આ વેબસાઈટની મુલાકાત ૧૩-૮-૧૩ થી ૨૭-૨-૧૪ દરમ્યાન ૩૨,૭૦૬ વ્યક્તિઓએ લીધી છે, અને તેને ૧૭,૭૪,૯૪૧વખત જોવામાં(Hits) આવી છે.

સમગ્ર દેશના દરેક વિદ્યાર્થી અને દરેક શિક્ષકને NROER ઉપયોગી થશે ત્યારે તેનું સ્વપ્ન સાકાર થશે. આ સ્વપ્ન સાકાર કરવા માટે આપણા દરેકની સક્રિય ભાગીદારી અનિવાર્ય છે. આ પ્રવૃત્તિમાં ઉત્સાહથી આજે જ જોડાઈએ અને તેનો ભાગ બનીએ.

– નિવૃત્ત પ્રોફેસર, શિક્ષણશાસ્ત્ર ભવન, ભાવનગર યુનિવર્સિટી

Mobile: 9825223346, Email:prof.nsrathod@gmail.com, URL: www.nsrathod.blogspot.in

---

## જીવંત શિક્ષકોની શોધ

- Dr. Vijay Patel

Research Associate, GCERT

૨૧મી સદીની માંગના અનુસંધાનમાં અને સમાજની પ્રવર્તમાન જરૂરિયાત અન્વયે શિક્ષણ પ્રક્રિયામાં પરિવર્તન લાવવું એ આજની તાતી જરૂરિયાત છે. આજના પરિપ્રેક્ષ્યમાં National Curriculum frame-work 2005 અને National Curriculum framework for Teacher Education-2009ની માર્ગદર્શિકા મુજબ ઘણા નવા ક્ષેત્રો આપણી સમક્ષ આવેલ છે. ગુણવત્તા, નાવીન્યતા અને સંશોધન એ શિક્ષણની પ્રક્રિયામાં આજે મહત્ત્વની બાબતો છે.

વિજ્ઞાન, ટેક્નોલૉજી, શિક્ષણ અને ઉદ્યોગોમાં કૌશલ્ય અને માહિતીના જાણકાર કર્મચારીઓની અછત દૂર કરવાનો હેતુસર શિક્ષણ પ્રક્રિયાને વધુ મજબૂત બનાવવી જ રહી. પહેલાના સમયમાં શિક્ષક હતા જ નહીં, ગુરુ હતા તેમને મન શિક્ષણ એ ધંધો ન હતો, તેમનો આનંદ હતો. શિક્ષણ જે દિવસે ધંધો બની જશે, તે દિવસે શિક્ષક ગુરુ બનવાની હેસિયત ખોઈ નાખે છે. તે દિવસે તે ગુરુ નથી રહેતો, નોકર બની જાય છે કે વ્યવસાયી બની જાય છે. ગુરુ હંમેશા શિષ્યથી વધુ

જાણતો હતો. આજે સંભાવના એકદમ બદલાઈ ગઈ છે. પહેલાનું બધુ જ જ્ઞાન અનુભવથી ઉપલબ્ધ થતું. તેથી તે જે કંઈ કહેતો તે એકદમ મજબૂતીથી, વિશ્વાસથી તેને જાણતો હતો. છેલ્લાં વર્ષોમાં બધુ જ અસ્ત-વ્યસ્ત થઈ ગયું છે.

આજે શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે ખૂબ જ ઓછું અંતર જોવા મળે છે. આજે સંભાવના તો એ છેકે પુત્ર પિતાથી વધુ જાણી લે છે. આજના ટેકનિકલ યુગમાં નવું જાણવાના ઘણા જ સ્ત્રોતો ઉપલબ્ધ છે. આ માહિતીનો વિસ્ફોટ એટલી ઝડપે થયો છે કે શિક્ષણના પગ પણ હલી ગયા છે. આધુનિક શિક્ષકે ખૂબ જ વિનમ્ર થવું પડશે હવે વિદ્યાર્થી એ કહી રહ્યો છે કે હવે શિક્ષણ સંસ્થામાં શિક્ષક કેન્દ્ર બનીને નહીં રહે, હવે કેન્દ્ર તો વિદ્યાર્થી જ બનશે. કાલ સુધી શિક્ષક કેન્દ્રમાં હતા હવે વિદ્યાર્થીઓ કેન્દ્રમાં હશે. આવી બદલાયેલી પરિસ્થિતિમાં શિક્ષકે પોતાને પુનરોયોજિત કરવાનો મોટો સવાલ છે.

આવનાર સમયમાં શિક્ષકે આદરના ખ્યાલને છોડીને પ્રેમના ખ્યાલ પર આવવું પડશે. પ્રેમમાં આદર સમાઈ શકે છે. શિક્ષકને હવે પોતાનો ચહેરો, પોતાના આખા વ્યક્તિત્વને બદલવાની જરૂર પડશે. શિક્ષકે વિનમ્ર થવું પડશે. જે વિનમ્ર છે તે જ શીખી શકે છે. જે વિનમ્ર છે - તે જ શીખવી શકે છે. જે દિવસે શિખવનાર વિનમ્ર બનશે તે દિવસે શીખનાર પણ વિનમ્ર બનશે. વિચાર બહુ જ વિદ્રોહી છે. વિચાર હંમેશા વિદ્રોહી હોય છે. વિચારનો અર્થ જ વિદ્રોહ છે કારણ કે વિચાર હંમેશા ઈન્કાર કરવાથી શરૂ થાય છે. જે ઈન્કાર નથી કરતા તે વિચાર જ નથી કરી શકતા. જો હું હા કહું તો વિચારવું પડે, જો ના કહું તો તર્ક કરવો પડે, વિચારવું પડે દલીલ કરવી પડે.

Education ઘણો જ સારો શબ્દ છે. તેનો અર્થ થાય છે To draw out પરંતુ અત્યાર સુધીનું બધું જ શિક્ષણ અંદર છે તેને બહાર નથી કાઢતું પરંતુ જે બહાર છે તેને અંદર નાંખે છે to push in. જ્ઞાનનો અર્થ છે માણસની અંદર જે છુપાયેલું છે તે કઈ રીતે પ્રગટ થઈ શકે. આજે એવું જોવા મળે છે કે વિશ્વવિદ્યાલય જેને 'ગોલ્ડમેડલ આપે છે જિંદગી તેને માટીનો ચંદ્રક પણ નથી આપતી.' આજે જેણે જિંદગી પર છાપ લગાવી છે લગભગ તે લોકો જ હોય છે જેણે ચંદ્રક નથી મેળવ્યો. પશ્ચિમની આખી પદ્ધતિને આપણે અપનાવી લેવાની જરૂર નથી. આપણે કેટલાક નવા પ્રયોગો કરી શકીએ અને તે નવા પ્રયોગો અન્ય માટે માર્ગદર્શક બની શકે. પ્રાથમિક શિક્ષણમાં શ્રેષ્ઠ શિક્ષકો હોવા જોઈએ.

પ્રાથમિક શિક્ષણ એ શિક્ષણની સમગ્ર ઈમારતનો પાયો છે. આજનો વિદ્યાર્થી ડગમગી ગયો છે કારણ કે તેનો પાયો કમજોર છે. શિખર ભારેખમ થતું જાય છે. નીચે બહુ જ નાનકડો આધાર રાખી દે છે. ઉપર મોટુ ભવન બનાવે છે. તેની પાસે મોટી આશાઓ રાખવામાં આવે છે ને બધી જ આશાઓ પડી ભાંગે છે. તે બાળક/ માણસ ઊભો રહી શકતો નથી માટે નીચે જ મજબૂત પાયો બનાવવો પડે. આજના સમયમાં પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ થયુ છે પરંતુ ગુણવતાના સંદર્ભમાં વધુ કામ કરવાની જરૂર છે. જો શિક્ષણ પૂર્ણ વૈજ્ઞાનિક થઈ શકે અને માણસના આભાની તલાશ થઈ શકે તો શિક્ષકની પાસે મોટું ભવિષ્ય છે. આજે એમ કહેવાય છે કે વિદ્યાર્થીઓમાં આજે અસંતોષ ઘણો જ વધી ગયો છે અને તે અવારનવાર જુદી જુદી રીતે પ્રગટ થતો રહે છે. પરંતુ તેનું કારણ વિદ્યાર્થીઓ બગડી ગયા છે એમ નથી પણ શિક્ષણની વ્યવસ્થામાં પરિવર્તન કરવાની જરૂર છે. અંગ્રેજીમાં Transfered Aepithet નામનો એક અલંકાર છે તેમાં એકને લાગુ પડતું વિશેષણ બીજાને નામે ચઢાવી દેવામાં આવે છે. આવું જ કાંઈ આમાં થઈ રહ્યું છે. છેલ્લે આપણા દ્વારા હકારાત્મક પ્રયત્નોના માધ્યમની આ પ્રક્રિયામાં કેવી રીતે સુધાર લાવી શકાય એ દિશામાં વિચારવું ઘટે.

# ગુણવત્તા શિક્ષણના પંથે એ. જી. ટીચર્સ કૉલેજ, CTE

*ડૉ. કે. એચ. યાદવ*
**એસો. પ્રોફેસર**

રાષ્ટ્રની વિકાસયાત્રાના પાયામાં જે તે રાષ્ટ્રની શિક્ષણની રીતિ-નીતિ રહેલી હોય છે. આ બાબતની ગંભીર નોંધ સાથે ૧૯૮૭માં શિક્ષકો તૈયાર કરતી સંસ્થાઓને અપગ્રેડ કરવાનું સૂચન થયું. આ યોજના અન્વયે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન એ.જી. ટીચર્સ કૉલેજને સી.ટી.ઈ.નો દરજ્જો પ્રાપ્ત થયો. CTE સેન્ટર દ્વારા પૂર્વકાલીન અને સેવાકાલીન શિક્ષકોને વ્યાવસાયિક સજ્જ કરવાના કાર્યક્રમોનું આયોજન થાય છે. શિક્ષણ પ્રક્રિયાને ધબકતી રાખવાના શુભઆશયથી CTE સેન્ટર દ્વારા શાળાના આચાર્યો તેમજ શિક્ષકો માટે તાલીમવર્ગનું આયોજન કરવામાં આવે છે, તો સાથે સાથે શિક્ષણ-પ્રશિક્ષણ સંસ્થાના આચાર્યો અને અધ્યાપકો દ્વારા શિક્ષણક્ષેત્રે ખેડાણ કરવામાં આવે છે તેમજ વિષય સંબંધિત સમૃદ્ધ સાહિત્ય તૈયાર કરવામાં આવે છે.

★ **સેવાકાલીન કાર્યક્રમો** (Preservice Teacher Training)

ચાલુ વર્ષે GCERT દ્વારા CTE સેન્ટરને ફળવાયેલી ગ્રાન્ટમાંથી નીચેના તાલીમી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

| તારીખ | વિષય | જિલ્લો | સહભાગી | સ્થળ | કૉ-ઓર્ડિનેટર |
|---|---|---|---|---|---|
| ૧૩-૯-૨૦૧૪ | Techniques of effective education | સુરેન્દ્રનગર | ૬૩ શિક્ષકો | ચિ.હ. મૈત્રી વિદ્યાપીઠ | ડૉ. બી.વી. વ્યાસ |
| ૧૩-૦૯-૨૦૧૪ | ICT in classroom interaction | સુરેન્દ્રનગર | ૩૬ શિક્ષકો | ચિ.હ. મૈત્રી વિદ્યાપીઠ | દીપકભાઈ ત્રિવેદી |
| ૨-૧-૨૦૧૫ | Quality of a good Teacher | અમદાવાદ | ૪૯ શિક્ષકો | એ.જી. ટીચર્સ કૉલેજ | ડૉ. જી.એસ. પટેલ |
| ૨-૧-૨૦૧૫ | Know the universe | અમદાવાદ | ૮૫ શિક્ષકો | એ.જી. ટીચર્સ કૉલેજ | ડૉ. જે.આર. દવે |
| ૦૨-૦૧-૨૦૧૫ | Effective public speaking skills | અમદાવાદ | ૭૧ શિક્ષકો | એ.જી. ટીચર્સ કૉલેજ | ડૉ. એસ.એલ. સોલંકી |

★ GCERT દ્વારા ફળવાયેલી ગ્રાંટમાંથી ચાલુ વર્ષે એ.જી. ટીચર્સ કૉલેજ અમદાવાદ, શ્રી ચિ.હ. મૈત્રી વિદ્યાપીઠ, સુરેન્દ્રનગર અને ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સ્નાતક-અનુસ્નાતક કૉલેજોના આચાર્યો અને અધ્યાપકો દ્વારા વિવિધ વિષયો પર સંશોધન તેમજ ક્રિયાત્મક સંશોધનકાર્ય હાથ ધરવામાં આવ્યું.

★ CTE સેન્ટર દ્વારા Material developmentના ભાગરૂપે ડૉ. કે. એચ. યાદવ દ્વારા ધો.૯ના ગણિત વિષયમાં 'ગણિત ઉલ્લાસ' અને 'Maths is fun' પુસ્તિકા તૈયાર કરવામાં આવી. પ્રસ્તુત પુસ્તિકામાં નવમાં ધોરણનાં ગણિતના પાઠ્યપુસ્તકના પ્રત્યેક પ્રકરણ માટે ક્રોસવર્ડ અને Word Search Puzzle તૈયાર કરવામાં આવી છે.

CTE કેન્દ્ર દ્વારા Preservice અને inservice શિક્ષકો માટે તૈયાર કરેલ 'એજિયન અક્ષર' - અંક : ૪ માટેની જરૂરી નાણાંકીય સહાય GCERT દ્વારા પૂરી પાડવામાં આવી છે.

પ્રતિવર્ષ મુજબ સુરેન્દ્રનગરના મૈત્રી વિદ્યાપીઠના આચાર્ય ડૉ. મહેશભાઈ રાવલ અને તેમના સ્ટાફનો સુરેન્દ્રનગર મુકામે આયોજિત CTE સેન્ટરના કાર્યક્રમોમાં મળેલો સહયોગ પ્રશંસનીય છે. આમ, એ.જી. ટીચર્સ કૉલેજના CTE સેન્ટરવતી, ગુણવત્તા શિક્ષણ કેરા પંથ પર અડગ કદમ માંડતા સૌને સલામ.

# *FACTORS AFFECTING SPOKEN ENGLISH IN GUJARAT*

Dr. S.L Solanki
Associate Professor

**Introduction**

India is a multilingual country. There are many languages spoken in India, though English has never lost its place in the list of languages. We talk of nationalism and promotion of Hindi but there is an argument about Hindi as national language between the northern and southern states of India. Still it has not attained the position of national language of India. On the other hand- Globalization is pushing us towards English and Gujarat, being a state known for its business class people, who move from one place to another can't merely stick to their local language, they need to equip themselves with a lot of languages which include English too. Most of the Gujaratis are seen flying abroad for their higher education and job- and English plays a major role to make them comfortable there. Even after all these reasons, Gujarat is considered to be weak in English. Let's look at the three major factors affecting spoken English in Gujarat.

**Factors affecting spoken English in Gujarat**

**A) Lack of Purpose:**

Learning should be purposive. It is very easy to understand the purpose of subjects like Mathematics, Science and Social Science, but when it comes to English, the teacher herself is confused about the purpose of English language teaching. English periods are treated as a story telling time. The funniest part is that they tell the story in the local language so that the students understand the story and are able to answer the question asked in the exam. The answers are given to students and they are just expected to learn it by heart (just memorize it). There is hardly any experimentation from students end about the language. So more often English is taught as a subject than a language. Have you ever wondered that though English is offered as one of the subjects in school curriculum still students after their graduation have to go to spoken English classes to improve their English so that they could go abroad? It is indeed funny for almost 12 years they are studying this language and have not attained excellence but by doing a crash course they become considerably fluent in English. This remarks that during their school the learning of English language was not set with a purpose nor the teachers were aware of their responsibility.

**B) Incompetent teachers**

According to the news published in Indian Express on March 10, 2010 in Indian Express it has been noticed that there is a rapid growth of English medium schools in Gujarat. On the other hand, the growth does not equate to the quality of teachers. Therefore the English medium students suffer from an exposure of sub-standard English language teaching environment. The teachers who are appointed are the ones who took up English as their main subject at college level however their schooling is entirely from Gujarati medium. The teacher themselves are not confident about their spoken English, no wonder they are unable to improve the level of English among students. It's not only about English teachers, all the other subjects are also expected to be taught in English as the medium is English but then the teachers argue with the basic principle given by Gandhiji about teaching of subjects in their mother tongue for better understanding. The question arises, is one period of English enough for a person to learn English?

**C) Lack of Infrastructure and overcrowded classrooms**

English, like other subjects also need various aids to support learning. Only textbook won't suffice. There should be language labs where equipment like tape recorder, headphones, computers, speakers, books, CDs, projectors, etc. are placed to enhance speaking skills of students. Very few schools have understood the need for the same and have established language labs. Though they provide separate labs, the equipment needed is not provided. Moreover our classrooms are overcrowded where almost 60-70 students sit in one classroom. Thus it is very difficult to have an effective environment of learning language. Let's understand this situation with our own kids, imagine during the first language acquisition if the mother has been given the task of teaching 70 children to speak. Have you ever thought that how a teacher can teach students a completely new language to these many students? Thus both the reasons add on to poor speaking skills as students don't

get external support or the teacher's support to improve nor do they get encouragement to learn the language.

These are some of the factors affecting spoken English in Gujarat. There are many more factors like the teaching method, examination system, textbooks, syllabus, etc., however for the time being we have just focused on the above mentioned factors.

Note: To improve spoken English one factor which is very important is that it needs to be spoken.


**References:**

- http://archive.indianexpress.com/news/-shortage-of-teachers-in-englishmedium-schools-has-hit-quality-of-teaching-/589032/
- http://www.academia.edu/7025715/Factors_affecting_quality_of_English_language_teaching_in_secondary_schools
- http://www.indiaeducationreview.com/article/importance-english-language-higher-education/17295
- http://www.thehindu.com/news/national/hindi-not-a-national-language-court/article94695.ece
- http://ibnlive.in.com/blogs/kiranbatni/3707/65306/imposition-of-hindi-as-the-national-language-makes-me-believe-that-karnataka-is-an-independent-nation.html
- http://www.easylab.es/en/equipment/equipment.php


## WHY TO STUDY COMMERCE?

**-IRFANALI G. SHAIKH**

English novelist and art historian Anita Brookner said of Commerce – ***"The lessons taught in great books are misleading. The commerce in real life is rarely so simple and never so just."***

The Commerce stream after completion of Class 10 is quite a popular one in India, as most students feel that the stream offers them a wide arena of career options to pursue after class 12, that would bring them both success as well as financial security easily. However, what most students do not realize is that the commerce stream may provide them with the idea of a secure future, but just like the Science stream, a student also needs to have a certain aptitude in this field of study to be completely successful in it.

'Some students may choose the Commerce stream for this reason. However, it is a fact that if they have a mind that is more suited to a career in the Humanities stream, or even the Science stream, they would find it hard to survive and perform well in Commerce. To help students gauge whether they are meant to pursue a career in the field of Commerce, this section provides them with a basic knowledge of what this stream is all about.

Commerce as a stream of education can be defined as a study of trade and business activities such as the exchange of goods and services from producer to final consumer. The main subjects that are taught in the Commerce stream in Class 11 and 12 include Accountancy, Business administration and Economics.

**Accountancy**

Accountancy is an integral part of Commerce Stream. Its scope and reasons for studying accountancy are elaborated below:

- Accountancy is a branch of mathematical science that is concerned with the financial information about a business entity to users such as shareholders and managers.
- The financial communication that is studied under the subject is generally in the form of financial statements that show in the terms of money, the economic resources under the control of the management.
- Studying accountancy enables a student to learn and discover the various causes of success and failures of different business enterprises.
- The principles of accountancy are applied to business enterprises in three divisions of practical art, named accounting, bookkeeping and auditing.
- A student studying accountancy will learn the art of recording, classifying and summarizing in a significant manner and in terms of money, transactions and events which are financial in character to any extent and the interpretation of the results of these transactions and events.

**Business Administration**

Business administration is an important subject for commerce students. Here are some of the reasons why one should study Business administration.

- Business administration is a subject that deals with the operation and organization of modern business enterprises. The subject covers each feature of a business firm, such as how a firm will be affected in different business situations.
- The main areas of study in the subject include business organizations, their various features, structure and functioning, marketing, operations management, human resource management, etc. Studying Business allows a student to observe and analyze the behavior and tactics of different firms.
- The subject of Business administration involves more than just mastering the art of doing business. The subject brings students abreast with the corporate culture and prepares them for their professional life.
- Business activities are something that affect the daily lives of all people in a society. It also influences creation of employment, incomes, opportunities for personal enterprise, standard of living of all individuals. Studying business allows a student to understand how business activities influence the society and the economy directly and indirectly.

**Economics**

Economics is a social science that deals with the study of the production, distribution, and consumption of goods and services. Some of the reasons for studying Economics are given below:

- Economics has two broad branches – micro-economics, where the unit of analysis is the individual agent, such as a household or firm, and macro-economics, where the unit of analysis is an economy as a whole.
- Studying economics enables us to learn more about how the world works as it helps in gaining knowledge about the impact that decisions have on firms, industries and nations, the impact of international trade, both good and bad, the effects government policies have on the economy and on employment.
- Economic reasoning and theories have been increasingly applied in the recent era to not only the study of economies but also social situations where there is no monetary consideration, such as politics, law, psychology, history, religion, marriage and family life, and other social interactions.

Students who wish to take up the commerce stream should keep in mind that this subject is not an easy alternative as compared to science. Both science and commerce are complex study areas in their own ways and cannot be compared. Hence, if a student wishes to pursue the Commerce stream only because they feel that science is not a suitable stream for them, they need to rethink their choice. The Commerce stream should be pursued by students who have an aptitude as well as an avid interest in it.

***"Commerce changes the fate and genius of nations."*** - Thomas Gray

**Some useful websites for commerce teachers and students**

http://www.gyanunlimited.com
http://www.shiksha.com
http://www.indiaeducation.net
http://www.minglebox.com
http://www.slideshare.net
http://www.iq-test.com
http://seminarprojects.org http://www.commercequiz.com
http://www.ecommerce-guide.com
http://allexamguru.blogspot.in

---

## FAILURE-A GREAT LIFE LESSON

jasmine ajmeri

" Only those who dare to fail greatly can ever achieve greatly."
-Robert F. Kennedy-Former attorney general and U.S. Secretary

Many people fail to take action because they are afraid to fail. Successful people, on the other hand, realize that failure is an important part of the learning process. They know that failure is just a way we learn by

trial and error. Not only do we need to stop being so afraid of failure but we also need to be willing to fail-ever eager to fail. Simply get started, make mistakes, listen to the feedback, correct and keep moving forward toward the goal. Every experience will yield up more useful information that you can apply the next time.

" You can never learn less; you can only learn more. The reason I know so much is because I have made so many mistakes."

-Buckminster Fuller-Mathematician and philosopher who never graduated from college but received 46 honorary doctorates.

One of a very good inspiring story is about a famous research scientist who had made several very important medical breakthroughs. He was being interviewed by the newspaper reporter, who asked him why he thought he was able to achieve so much more than the average person. In other words, what set him so apart from others ?

He responded that it came from a lesson his mother taught him when he was 2 years old. He had been trying to take a bottle of milk out of the refrigerator, when he lost his grip and spilled the entire content on the kitchen floor. His mother, instead of scolding him, said, " What a wonderful mess you've made ! I've rarely seen such a huge puddle of milk. Well, the damage is already done. Would you like to get down and play in the milk before we clean it up?"

Indeed, he did. And, after a few minutes, his mother continued, "You know, whenever you make a mess like this, eventually you have to clean it up. So, how would you like to do that? We could use a towel, sponge, or mop. Which do you prefer?"

After they were finished cleaning up the milk, she said, "What we have here is a failed experiment in how to carry a big bottle of milk with two tiny hands. Let's go out in the backyard, fill the bottle with water, and see if you can discover a way to carry it without dropping it." And they did.

What a wonderful lessson !

The scientist then remarked that it was at that moment that he knew he didn't have to be afraid to make mistakes. Instead, he learned that mistakes are just opportunities for learning something new.

That bottle of spilled milk led to a lifetime of learning experiences-experiences that were the building blocks of a lifetime of world-renowned successes and medical breakthroughs !

So feel the fear of failing and do it away by learning from the mistakes !

---

## *CHALLENGES TO HIGHER EDUCATION IN GUJARAT*

*BINDIYA SUKUMARAN*

**Introduction**

Higher education in India is undergoing a quantum change. The system is under tremendous pressure to expand. These pressures are diversified and multiple. They vary from curriculum development, quality assurance and endorsement to governance issues. With unprecedented growth of knowledge especially in the areas of information and communication in this global village, competitiveness has become a decisive force of growth. India's young population has a huge appetite for education, but has to face some challenges in higher education in which state of Gujarat is not an exception. There are several challenges to higher education in Gujarat which needs colossal revamping of higher education promptly.

**Challenges to Higher Education in Gujarat**

The major challenges to Higher education in Gujarat, which are as follows:

**A) Decrease in Enrolment Ratio:**

According to the Annual Status of Higher Education 2013 report by Deloitte, it states that at under graduate level, the enrolment is about 76.5% whereas Post graduate is only 10.3%. Have we ever wondered why other 66.2% don't go for their further education? It is indeed a big matter of concern. We are still trying to find out reasons for this. The noted reasons are as follows:

a) They get ample opportunities to work in BPO and also earn good amount of money, to be precise more than a post graduate employee in other fields.

b) Those who come from poor background, can't afford to take admissions in private institutes as they lose seats in government colleges because of the low merits.

c) Some believe that the general education necessary for an individual has been completed with the bachelors degree, so why to study more???

d) Some think that higher education of India is worthless and hence take up various courses abroad and move out of the country. And thus, we have got low enrolment ratio. It is estimated 20% pass outs go abroad for higher education course and 75% of them don't come back.

**B) Lack of Infrastructure and Faculty members:**

According to the Deloitte report, Gujarat ranks 8 in terms of total colleges in any state with 1815 colleges, but what's the point of these many colleges when they don't serve the purpose of a college. Most of them have infrastructural problems like, even if colleges enroll PG students they don't have classrooms to sit, they have to adjust with the undergrad classrooms. There is no sense of belonging in the college which they get when they were doing their bachelors. The Library facility provided is useless as they hardly have books prescribed by the government in the syllabus. What an irony, isn't it? Alright we can still keep unavailability of study materials aside and think for the Teacher's notes on the syllabus. This is the funniest part; the institutes hardly have faculty members to teach PG students, where will the poor students go? On whom will they rely? There is lack of professors to teach the PG students. It was reported by Ahmedabad Mirror on 25th September, 2014 that almost 161 colleges affiliated to Gujarat University don't have full time Principals. The figure blows our mind. Students have no means but to adjust with their condition and finish their two years somehow, the outcome is poor results. Now, to go for a Ph.D or M.Phil course they have to go through difficult entrance exams, imagine the plight of the students, they have not been given proper guidance during their PG, how will they crack these exams??? And thus here, we lose interest of some genuine students who want to study further but can't because of this menial issue which can indeed be handled by the government. And it's not only them who are discouraged but they tend to discourage others too. It is always said that word of mouth is poisonous than poison itself.

**C) Obsolete curriculum:**

When we do our bachelors, we are doing so many things at a time. We are doing co- curricular and extra – curricular activities and participating in various competitions but why does the attitude change when the same students come for their PG education. They hardly participate in any activities, because it is a misconception that in higher education, one has to digest books to excel. No importance is given to skill education. PM Narendra Modi on 5th September, 2014 spoke about skill development as requirement to make youth employable. Adding on, some professors have obsolete methods of teaching; they don't enlighten students with the pace of the world. They stick to the syllabus provided to them and hardly encourage the students to open up with their talents. This has to change and this change will definitely diminish this challenge. There are many other challenges but we have focused on the above mentioned only.

**References:**


- R.N. Swamy, Higher Education in India : An Overview, Paper (June-2014) published in University News, Association of Indian Universities, AIU, House, New Delhi.
- http://www.gvctesangaria.org/websiteimg/publications/jdarticle.pdf
- http://www.deloitte.com/assets/Dcom-India/Local%20Assets/Documents/Thoughtware/AnnualSstatusofHigherEducationofStatesandUTsinIndia,%202013.pdf\
- http://www.ahmedabadmirror.com/ahmedabad/civic/161-GU-colleges-have-no-full-time-principal/articleshow/43459633.cms
- http://www.dnaindia.com/india/commentary-narendra-modi-starts-qa-session-with-students-2016387


## વિદ્યાર્થીઓની કલમે...

## સરકારી શાળાઓમાં ગુણવત્તા ઘટવાનાં કારણો

- બ્રિજેશ પટેલ

આજે ચારેબાજુ વ્યાપક ચર્ચા ચાલી રહી છે કે શિક્ષણમાં ગુણવત્તા ઘટી રહી છે. આપણને નોકરી સરકારી જોઈએ છે. બધા જ લાભ સરકારી ધોરણે લેવા છે, પણ આપણને સરકારી હોસ્પિટલમાં જવું ગમે છે? સરકારી શાળામાં આપણાં

સંતાનો કે આપણા કુટુંબના સ્નેહીને મૂકીશું ? તો જવાબ મળશે ના. આમાં જવાબદાર કોણ ? સત્ય શું ? શિક્ષક, આચાર્ય, સંચાલક કે સરકાર ? આપણે ત્યાં સુધી એનું સાચું મૂલ્યાંકન ન કરી શકીએ જ્યાં સુધી એ પરિસ્થિતિના મૂળમાં ન જઈએ. સરકારી શાળા અને પ્રાઈવેટ શાળામાં શું તફાવત છે? બધી જ સગવડ હોવા છતાં સરકારી શાળામાં પરિણામ કેમ જોવા મળતું નથી? ઉપરોક્ત પ્રશ્નોનો વિગતવાર અભ્યાસ કરીએ.

શિક્ષકોની વાત કરીએ તો સરકારી શાળામાં સૌથી ટોપ મેરિટવાળા ઉમેદવારોને નોકરી મળે છે અને હવે ટેટ, ટાટ, એચટાટ જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપીને મેરિટમાં આવેલ ઉમેદવારને નોકરી મળે છે જ્યારે પ્રાઈવેટ શાળામાં આપણને જોવા મળે છે કે ધોરણ ૧૨ પાસ B.A., B.Com વાળા ઉમેદવારો કે જેઓ શિક્ષકની તાલીમ લીધા વગર ભણાવે છે તેમ છતાં એવા ક્યાં કારણથી પ્રાઈવેટ શાળાનું પરિણામ સારુ જોવા મળે છે ? સરકારી શાળાના શિક્ષકને શરૂઆતના મોજશોખ કરવાના સમયે ફિક્સ પગાર આપવામાં આવે છે, વળી ટ્યુશન કરવા દેવામાં આવતા નથી. આવી, મોંઘવારીની વિકટ પરિસ્થિતિમાં કઈ રીતે કુટુંબની જવાબદારી પૂરી પાડી શકાય. આમ શિક્ષક કઈ રીતે આર્થિક રીતે સક્ષમ બનવું, કઈ રીતે કુટુંબની જવાબદારી નિભાવવી જેવા પ્રશ્નોના ભાર નીચે યોગ્ય રીતે શિક્ષણ આપી શકતા નથી. વળી, સરકારી શાળામાં શિક્ષકની જવાબદારી મલ્ટીવર્કર જેવી હોય છે. બેલ પાડવાના સમયે બેલ પાડવો, સફાઈના સમયે સફાઈ કરાવવી, મધ્યાહ્ન ભોજનના સમયે પીરસવાનું, ઘરે-ઘરે દરેક ઝૂંપડે-ઝૂંપડે સર્વે કરવાના, વાલીઓને શિક્ષણનું મહત્ત્વ સમજાવવાનું, ટોઈલેટની સફાઈ કરવાની અને કરાવવાની, શાળાની સફાઈનું ધ્યાન રાખવાનું, અધિકારીઓની આગતા-સ્વાગતા કરવાની, સંયુક્ત વર્ગો ચલાવવાના, વર્ગમાં બાળકોના ગ્રુપ પાડીને શિક્ષણ કાર્ય કરવાનું, દરરોજ આવતા પરિપત્રો મુજબ કાર્યક્રમો કરાવવાના, BLO કામગીરી, વસ્તી ગણતરી, ચૂંટણી સર્વેની કામગીરી, જાહેર પરીક્ષાઓની કામગીરી, બોર્ડની પરીક્ષાઓ જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરવાની આવે છે. શું આવી કામગીરી પ્રાઈવેટ શાળાના શિક્ષક પાસે કરાવવામાં આવે છે ? શિક્ષકો પાસે ખરી રીતે તો શિક્ષણ સિવાયનું એકપણ કાર્ય સોંપવું જોઈએ નહીં અને કડક મૂલ્યાંકનનું માળખું ગોઠવીને સતત શાળાઓનું મૂલ્યાંકન થવું જોઈએ તો જ કંઈક અસરકારક પરિણામ મળશે તેમજ એ બાબતનું મહત્ત્વ રહેલું છે કે મૂલ્યાંકન કરનાર વ્યક્તિ નિષ્પક્ષ અને તટસ્થ હોવી જોઈએ.

ગુજરાતના પ્રાથમિક શિક્ષણની વાત કરીએ તો અત્યારે પ્રાથમિક શાળાઓમાં અંદાજે ૨૬ હજાર શિક્ષકોની ઘટ છે. વર્ગવાઈઝ શિક્ષકો નથી. દરેક શાળામાં પૂરતો સ્ટાફ નથી. ૪૨ ટકા પ્રાથમિક શાળા એક જ ઓરડામાં ચાલે છે. સત્રના પહેલા દિવસે પૂરતા શિક્ષકો મૂકવાનું સુવ્યવસ્થિત આયોજન થવું જોઈએ તો જ નક્કર પરિણામ પ્રાપ્ત કરી શકાશે.

હવે, વિદ્યાર્થીઓની વાત કરીએ. પ્રાઈવેટ શાળાઓમાં અમુક સિલેકટેડ વિદ્યાર્થીઓને એડમિશન આપવામાં આવે છે. મેરિટના આધારે પ્રવેશ આપવામાં આવે છે. પ્રાઈવેટ શાળાના વિદ્યાર્થીઓના વાલીઓ જાગૃત હોય છે. શાળાના મોટાભાગના પ્રોજેક્ટ વાલીઓ કરે છે. શિક્ષક નોટીસ મોકલાવે એટલે વાલી બધા જ કામ મૂકીને પહેલા સ્કૂલે પહોંચી જાય છે. વિદ્યાર્થીઓની બધી જ જરૂરિયાતો માગ્યા પહેલા પૂરી થઈ જાય છે. જ્યારે સરકારી શાળાના વિદ્યાર્થીઓની વાત કરું તો RTE મુજબ કોઈ પણ બાળકને તેની વયકક્ષા મુજબ અગાઉનો અભ્યાસ કર્યો ન હોય તેમ છતાં તેને જે તે ધોરણમાં એડમિશન આપવામાં આવે છે. સરકારી શાળાના મોટા ભાગના વિદ્યાર્થીના વાલીને ખબર હોતી નથી કે તેનું બાળક ક્યાં ધોરણમાં ભણે છે? ગૃહકાર્ય કર્યુ કે નહીં, શાળામાં નિયમિત પહોંચે છે કે કેમ તે બધી તો દૂરની બાબત છે, ઘણાબધા એવા વિદ્યાર્થીઓ છે કે જેઓના માથે પોતાના નાના-ભાઈ બહેનને સાચવવાની જવાબદારી હોય છે. આર્થિક ઉપાર્જનની જવાબદારી હોય છે. આમ, પ્રાઈવેટ શાળાના વિદ્યાર્થીઓ અને સરકારી શાળાના વિદ્યાર્થીઓનું બેકગ્રાઉન્ડ બહુ જ અલગ જોવા મળે છે. તેમ છતાં, ઘણો વિરોધાભાસ હોવા છતા પણ સરકારી શાળાઓમાં આપણને હીરા જોવા મળે છે. ઘણી સફળ વ્યક્તિઓ કે જેઓએ પોતાનો અભ્યાસ સરકારી શાળાઓમાં કરેલ છે.

આમ, સરકારી શાળાઓની ગુણવત્તા ઘટવા માટે ઘણી બધી બાબતો જવાબદાર છે. જેનાં માટેનાં ઘણાંબધાં કારણો જવાબદાર છે. સરકારી શાળાઓમાં કડક નિયમોની જરૂર છે, શિક્ષકોને શિક્ષણ સિવાયની કામગીરીથી બાકાત રાખવા જોઈએ. શિક્ષણની કંઈક મિનિમમ ફી હોવી જોઈએ, જેથી તેનું મૂલ્ય લોકો સમજે. વાલીઓ પોતાના બાળકને

નિયમિત શાળામાં ન મોકલે તો કંઈક સજાની જોગવાઈ હોવી જોઈએ. સરકારી ભરતીની પ્રક્રિયા નિયમિત તેમજ યોગ્ય સમયમર્યાદામાં પૂરી થવી જોઈએ. શિક્ષકોને નોકરીની શરૂઆતથી જ પૂરો પગાર મળવો જોઈએ... જેવા ક્રાંતિકારી સુધારા કરવામાં આવશે તો જ સરકારી શાળાઓમાં શિક્ષણનું ચોક્કસ સ્તર ઊંચું જશે અને ગુણવત્તામાં સુધારો થયેલો જોવા મળશે.

## પરિપત્ર બોલે છે

*- પટેલ બ્રિજેશકુમાર ઈશ્વરભાઈ, રોલ નં. ૧૦*

જેવી શરૂઆત થાય છે શિક્ષણસત્રની,
શૃંખલા શરૂ થઈ જાય છે પરિપત્રની.

પરિપત્ર બોલે છે કરવાનું છે વસ્તીગણતરીનું કામ,
એનાં મળશે તમોને પુષ્કળ દામ.

બીજા પરિપત્રે પશુગણતરીના કામ કરવામાં છે મઝા,
તેની મળશે તમોને વળતર રજા.

હેમખેમ પૂરું થાય છે પશુગણતરીનું કામ,
ત્યાં આવીને ઊભું રહે છે પ્રૌઢશિક્ષણનું નામ.

સાક્ષરતા અભિયાનનું કામ ચલાવ્યું રાત,
ત્યાં જોઈ રહ્યું દેશનું ભાવિ વર્ગખંડમાં વાટ.

શિક્ષકને કહે તું શિક્ષણકાર્યમાંથી જા ખસી,
તારે કાર્ય કરવાનું છે પીવડાવવાની પોલીયોની રસી.

બે વર્ષ ન જાય ત્યાં આવે છે ચૂંટણીની ચક્રવાત,
શિક્ષકની હાલતની ન પૂછો વાત.
શું ભારતના ભાવિના ઘડતરમાં,
જરૂર છે આવા અવનવા નડતરની વાત ?

## લોકો

પથ્થરને ઈશ્વર માને છે લોકો,
જીવતા માણસને ઠોકર મારે છે લોકો.

મૃતકોની કબરોએ બાળી 'ઘી'ના દીવા,
મુફલીસોને ભૂખે મારે છે લોકો.

જગતના સ્વાર્થ વિશે હું શું કહું,
મળે ખરીદદાર તો લાશ વેચે છે લોકો.

એ તો ઈશ્વરની છે ગરજ એટલે જ,
બાકી કોઈને ક્યાં નમે એવા છે લોકો.

સારું છે એ તો લગામ છે એના હાથમાં,
બાકી એનેય પછાડે એવા છે લોકો.


પ્રાયોજિત
શ્રી સી. એચ. શાહ મૈત્રી વિદ્યાપીઠ
મહિલા કોલેજ ઓફ એજ્યુકેશન
માનવ મંદિર, સુરેન્દ્રનગર-૩૬૩ ૦૦૨






Necessity of

# CTEના કાર્યક્રમો








# કોલેજના કાર્યક્રમો